પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૩/૦૭/૨૦૨૬, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

**સુવિચાર**

''થીગડું મારતાં આવડવું એ પણ એક કળા છે. પછી એ વસ્ત્રમાં મારવાનું હોય કે વાતમાં...!''

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ જેઠ વદ-૩ વર્ષ : ૧૭ અંક : ૧૭૧

## જુલાઈ માસનો પ્રારંભ પણ મેઘરાજાનાં આગમનથી થયો

# અમરેલી જિલ્લામાં અવિરત મેઘસવારીથી સૌ કોઈ ખૂશ

**જિલ્લાનાં મોટાભાગનાં વિસ્તારોમાં અર્ધાથી લઈને ૨ થી ૩ ઈંચ જેટલા વરસાદથી ખૂશી છવાઈ**

**અનેક ચેકડેમ, તળાવ, નદીઓમાં નવા નીરની આવક થતાં વાતાવરણ પલ્ટાયુ**

**નીચાણવાળા વિસ્તારોમાં પણ ઠેકઠેકાણે પાણી ભરાવવાનું શરૂ થયું**

**જગતાત ગણાતા ખેડૂતોમાં સૌથી વધારે ઉમંગનો માહોલ જોવા મળ્યો**



અમરેલી, તા. ૨

છેલ્લા ત્રણ દિવસથી જિલ્લાના વાતાવરણમાં નોંધપાત્ર પલટો જોવા મળી રહ્યો છે. અસહ્ય ગરમીઅને ભારે બફારા બાદ મેઘરાજાએ મહેર વરસાવતા જિલ્લાના મોટાભાગના તાલુકા મથકો તથા ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી માહોલ જામ્યો છે અને જિલ્લામાં હાલવા ઝાપટાથી લઈ અઢી ઈંચ સુધી વરસાદ પડી જતા વાતાવરણમાં ઠંડક પ્રસરી છે અને ખેડૂતોમાં ખુશીની લાગણી છવાઈ છે.

સાવરકુંડલા શહેર અને પંથકમાં સતત વાદળછાયા વાતાવરણ વચ્ચે ધીમીધારે વરસાદ શરૂ થયો હતો.

અનુસંધાન પાના ૬ ઉપર

## ઓપરેશન મ્યુલ હન્ટ ૨.૦ અન્વયે

# અમરેલી : સાયબર ફ્રોડનાં ગુન્હામાં છેલ્લા છ માસથી નાસતા ફરતા આરોપીની અટકાયત

**એલસીબી પીઆઈનાં માર્ગદર્શનતળે પેરોલ ફર્લો સ્કવોર્ડની કામગીરી**

અમરેલી, તા. ૨

સાયબર ક્રાઈમ અને ઓનલાઈન છેતરપીંડી આચરતા ગુનેગારોને પકડવા માટે ''ઓપરેશન મ્યુલહન્ટ–૨.૦''શરૂ કરવામાં આવેલ છે. જે અન્વયે આ ઓપરેશન અંતર્ગત સાયબર ક્રાઈમ અને ઓનલાઈન છેતરપીંડી આચરતા સાયબર માફિયાઓના ફાયનાન્શિયલ નેટવર્કને તોડી પાડવા માટે મ્યુલ એકાઉનટની



તપાસ કરવા, બેન્કખાતાઓ સીઝ કરવા, તેમના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી અને આવા ગુન્હાના આરોપીઓ પકડવા અસરકારક કામગીરી કરવા જરૂરી સુચના આપેલ હતી.

અનુસંધાન પાના ૬ ઉપર

ડોક્ટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ

ડો. ઉત્સવ ડી. ઉનડકટ — ઈન્ટરવેન્શનલ કાર્ડીયોલોજીસ્ટ, હૃદયરોગ નિષ્ણાંત
તા. ૦૫/૦૭/૨૦૨૬, રવિવારે, સવારે ૯ થી ૪

ડો. મૌલિક ભડાણીયા — ગેસ્ટ્રોસર્જન, પેટ, આંતરડા, લીવરના સર્જન
તા. ૦૩/૦૭/૨૦૨૬, શુક્રવારે, સવારે ૧૦:૩૦ થી ૧૧:૩૦

ડો. વિશાલ પોપટાણી — કાર્ડિયોલોજીસ્ટ, હૃદયરોગ નિષ્ણાંત
તા. ૦૩/૦૭/૨૦૨૬, શુક્રવારે, બપોરે ૧૨ થી ૧

ડો. ધવલ તન્ના — રૂમેટોલોજીસ્ટ, વા, સાંધા અને સ્નાયુના દુઃખાવાના નિષ્ણાંત
તા. ૦૪/૦૭/૨૦૨૬, શનિવારે, સવારે ૯ થી ૬

( જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા )
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨–૨૯૯૪૩૪

ડોકટર હાઉસ અમરેલી — કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.)   ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.)   ડો. દ્રષ્ટિ પંડ્યા

અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,31,200/- (૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૨/૦૭/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,

## કન્યાશાળા નજીક ટ્રાન્સફોર્મરમાં ધડાકા થયા છતાં ઊંઘતું રહ્યું

# બગસરામાં પીજીવીસીએલની પ્રિ–મોન્સુન કામગીરીનાં ધજાગરા : ગંભીરતાનો અભાવ

**સીએમઓનાં આદેશ બાદ સ્થાનિક તંત્ર દોડતુ થયું**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨

બગસરા શહેરમાં ચોમાસાની સિઝનનો પહેલો જ વરસાદ ખાબકતાની સાથે જ સ્થાનિક પીજીવીસીએલ તંત્રની પોકળ પ્રિ–મોન્સૂન કામગીરીની પોલ ખુલ્લી પડી ગઈ છે. પહેલા જ વરસાદમાં સમગ્ર પંથકમાં વીજ ફોલ્ટની હારમાળા સર્જાઈ હતી અને વારંવાર પાવર કટ થવાના કારણે સ્થાનિક રહીશો ત્રાહિમામ પોકારી ઉઠયા હતા. તંત્રની આ લાપરવાહી ત્યારે ચરમસીમાએ

અનુસંધાન પાના ૬ ઉપર

આધુનિક મશીનરી ધરાવતી એકમાત્ર અમરેલી જિલ્લાની દાંતની હોસ્પિટલ
અર્થ દાંતની હોસ્પિટલ
ડો. ભગીરથ બી. વાળા (B.D.S. ડેન્ટલ સર્જન)
જડબામાં સ્ક્રુ વડે ફિકસ દાંત, ચોકઠાના નિષ્ણાંત
ઉપલબ્ધ સારવાર
→ સડી ગયેલા દાંતને બચાવવાની સારવાર
→ દાંતની બત્રીસી (બધા જ દાંતનું ચોકઠું)
→ દાંત પર લગાવાતા કવર-કેપ (મેટલ તેમજ સીરામીક)
→ દુઃખાવા વગર દાંત કાઢવાની સુવિધા
→ નાના બાળકોના તમામ દાંત અને પેઢાની સારવાર
→ ઓછા ખુલતા મોઢાની સારવાર
સરનામું : પહેલો માળ, રાજકમલ ચોક, ઠાકરથાળની સામે, અમરેલી મો. ૮૪૯૦૦ ૩૮૩૦૩

## અનેક વિદ્યાર્થીઓ ધો. ૮ બાદ અભ્યાસ છોડવા મજબુર

# બાબરાના તાઈવદર ગામમાં માધ્યમિક શાળાનાં અભાવે વિદ્યાર્થીઓ પરેશાન

**ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા રજુઆત કરાઈ**

બાબરા, તા. ૨

બાબરા તાલુકાના તાઈવદર ગામમાં ધોરણ–૮ પછીના વિદ્યાર્થીઓને પોતાના ગામમાં જ ધોરણ –૯ અને ૧૦ સુધીનું શિક્ષણ મળી રહે તે માટે ગામમાં માધ્યમિક શાળા (હાઈસ્કૂલ) શરૂ કરવામાં આવે તેવી ઉગ્ર માંગ ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવી છે. આ અંગે ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા રાજયના શિક્ષણ વિભાગ, જિલ્લા કલેકટર, સ્થાનિક ધારાસભ્ય તથા સાંસદને લેખિત રજૂઆત મોકલી તાત્કાલિક હકારાત્મક નિર્ણય લેવા વિનંતી કરવામાં આવી છે.

તાઈવદર ગામમાં હાલમાં વિદ્યાર્થીઓ ધોરણ – ૮ સુધીનું શિક્ષણ ગામમાં જ મેળવી શકે છે, પરંતુ ત્યારબાદ આગળના અભ્યાસ માટે બાબરા અથવા અન્ય સ્થળે જવું પડે છે. ગામના મોટાભાગના પરિવારો મધ્યમ અને ગરીબ વર્ગના હોવાથી પોતાના સંતાનોના દૈનિક આવન–જાવન અને અન્ય ખર્ચનો બોજ ઉઠાવવો મુશ્કેલ બની જાય છે. પરિણામે અનેક વિદ્યાર્થીઓ આર્થિક પરિસ્થિતિ સામે લાચાર બની ધોરણ–૮ બાદ અભ્યાસ અધવચ્ચે છોડી દેવા મજબૂર બને છે.

સ્થિતિને વધુ ગંભીર

અનુસંધાન પાના ૬ ઉપર

### પૂર્વ ધારાસભ્ય પુંજાભાઈ વંશની રજુઆત

# ઉના-ચાંચકવડ માર્ગ ઉપર વરસાદ પડતાં ગંદકી અને દુર્ગંધમાં વધારો

**સ્થાનિક રહેવાસીઓ તોબા પોકારી ગયા**



તસ્વીર : ધર્મેશ જેઠવા-ઉના

ઉના, તા. ૨

ચોમાસાનો વરસાદ શરૂ થતાં ઉના-ચાંચકવડ રોડ પર રોડની બંને બાજુ ઠાલવવામાં આવેલા ઘન કચરાનો પ્રશ્ન વધુ ગંભીર બન્યો છે. આ મુદ્દે પૂર્વ ધારાસભ્ય પુંજાભાઈ વંશે ગીર-સોમનાથના કલેકટરને લેખિત રજૂઆત કરી ઉના નગરપાલિકા સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

તેમણે રજૂઆતમાં જણાવ્યું છે કે ઉના-ચાંચકવડ રોડ ચાંચકવડ, મેણ, ગુંદાળા સહિત પાંચથી છ ગામોને જોડતો મુખ્ય માર્ગ છે. રોડની બંને બાજુ સતત ઘન કચરો ઠલવવામાં આવતો હોવાથી વરસાદી પાણી સાથે ગંદકી ફેલાઈ રહી છે, દુર્ગંધ વધી રહી છે અને વાહનચાલકો તેમજ સ્થાનિક લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

પૂર્વ ધારાસભ્યના જણાવ્યા મુજબ વરસાદી માહોલમાં કચરાના કારણે મચ્છર અને જીવજંતુઓનો ઉપદ્રવ વધવાની સાથે રોગચાળો ફાટી નીકળવાનો પણ ખતરો ઊભો થયો છે. અગાઉ અનેક વખત રજૂઆતો કરવા છતાં માત્ર કામચલાઉ સફાઈ કરવામાં આવે છે અને ત્યારબાદ ફરી કચરો ઠલવવાનું શરૂ કરી દેવામાં આવે છે, જેના કારણે સમસ્યાનો કાયમી ઉકેલ આવતો નથી.

રજૂઆતમાં સ્વચ્છ ભારત અભિયાન હેઠળ સ્વચ્છતા પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ થતો હોવા છતાં ઉના-ચાંચકવડ રોડ પર કચરાનો પ્રશ્ન યથાવત રહેવા અંગે પણ સવાલ ઉઠાવવામાં આવ્યો છે. પુંજાભાઈ વંશે કલેકટરને સમગ્ર મામલે તાત્કાલિક તપાસ કરાવી ઉના નગરપાલિકા સામે કડક કાર્યવાહી કરવા અને રોડ પરથી કચરો હટાવી કાયમી ઉકેલ લાવવા જરૂરી પગલાં ભરવાની માંગ કરી છે. હવે વરસાદી સિઝનમાં જિલ્લા તંત્ર આ ગંભીર મુદ્દે કેટલા ઝડપથી કાર્યવાહી કરે છે તેના પર સ્થાનિકોની નજર મંડાઈ છે.

### માનવતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ

# સાવરકુંડલા સિવિલ હોસ્પિટલના ડો. પરી વાઘાણીની પ્રશંસનીય સેવા

**દવાની સાથે સ્નેહ અને વિશ્વાસ પણ જરૂરી**



સાવરકુંડલા, તા. ૨

'દર્દીના ચહેરા પરનું સ્મિત જ ડોકટરની સૌથી મોટી સિદ્ધિ છે 'આ ઉક્તિને સાવરકુંડલાની કે.કે.સિવિલ હોસ્પિટલના ફિઝિયોથેરાપિસ્ટ ડો.પરી જીગ્નેશ વાઘાણીએ સાર્થક કરી બતાવી છે. તાજેતરમાં એક નાનકડા બાળકને માત્ર તબીબી પ્રક્રિયા તરીકે નહીં, પરંતુ અપાર પ્રેમ, હૂંફ અને ધીરજ સાથે ફિઝિયોથેરાપી સારવાર આપીને તેમણે માનવતા અને કરૂણાનું જીવંત ઉદાહરણ પૂરૂ પાડયું છે.

''બાળકોની સારવારમાં દવાની સાથે સ્નેહભર્યો સ્પર્શ અને વિશ્વાસ ખૂબ જરૂરી હોય છે. બાળકના ચહેરા પર સ્મિત જળવાઈ રહે અને તે ઝડપથી સ્વસ્થ થાય તે માટેના ડો.પરીના આ નિષ્ઠાભર્યા અને સમર્પિત પ્રયાસોને સ્થાનિકો દ્વારા બિરદાવવામાં આવ્યા છે. તેમની આ સરાહનીય કામગીરી બદલ તેમને હાર્દિક અભિનંદન અને ઉજ્જવળ કારકિર્દીની શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.

### અમરેલી-બેટદ્વારકા બસને ગુર્જરનગરી કરાતા

# કોટડાપીઠાથી આટકોટ-રાજકોટ અપડાઉન કરતાં વિદ્યાર્થીઓ સહિતનાં મુસાફરો પરેશાન

**વિભાગીય નિયામકે નવી લોકલ વ્યવસ્થા કરેલ તેવી માંગ**

બાબરા, તા. ૨

બાબરા તાલુકાનાં કોટડાપીઠા, બાબરા થઈને સવારનાં છ વાગ્યા આસપાસ અહિ આવતી અમરેલી-બેટદ્વારકા બસ જે પહેલા એકસપ્રેસ બસ હતી. આ બસમાં અહિથી તેમજ આ વિસ્તારમાં આજુબાજુનાં વાવડા કરણીનાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ નોકરીયાતો આટકોટ, રાજકોટ અપડાઉન કરતા હતા. તે બસને ગુર્જરનગરી બસ કરી નાખતા આ બસમાં વિદ્યાર્થીઓ નોકરીયાતોનાં પાસ ચાલતા નથી. તેમજ સવારનાં પાંચથી સાત વચ્ચે રાજકોટ જવા માટે એક પણ લોકલ કે એકસપ્રેસ ન હોય આ વિસ્તારનાં વિદ્યાર્થીઓ નોકરીયાતો ભારે પરેશાની ભોગવી રહ્યા છે. જેથી આ બસને પુન એકસપ્રેસ બસ કરવામાં આવે. અથવા આ સમય દરમ્યાન નવી લોકલ અથવા એકસપ્રેસ બસ સવારનાં છથી સાડા છ વચ્ચે ચાલુ કરવા માંગણી છે. કોટડાપીઠા તેમજ આજુબાજુનાં ગ્રામ્ય વિસ્તારનાં વિદ્યાર્થીઓ, નોકરીયાતો આટકોટ-રાજકોટ જતા હોવાથી આ લોકો ભારે પરેશાની ભોગવી રહ્યા છે. તો અમરેલી એસ.ટી. ડીવીઝન દ્વારા વહેલી તકે સવારનાં છથી સાડા છ વાગ્યે નવી રાજકોટ રૂટની લોકલ અથવા એકસપ્રેસ રૂટની બસ શરૂ કરે અથવા સાવરકુંડલા-રાજકોટ રૂટની લોકો બસ જે અત્રે સવારે સાત-સવા સાત વાગ્યે આવે છે તે બસને વહેલી સવારે ૬ વાગ્યે અહિ આવે તવો સમય કરી આપે તેવી વિદ્યાર્થીઓ નોકરીયાતો તેમજ ગામ લોકોની માંગણી છે.

### તાલુકા કોંગી પ્રમુખે મામલતદારને રજુઆત કરી

# લ્યો બોલો : લીલીયા મોટા તાલુકા વિસ્તારમાં વૃધ્ધ અને વિધવા પેન્શન ચુકવાતુ નથી

**મોંઘવારી અને મંદીનાં માહોલમાં જરૂરિયાતમંદો પરેશાન**

અમરેલી, તા. ૨

લીલીયા તાલુકામાં વૃધ્ધ પેન્શન, ગંગાસ્વરૂપ, વિધવા પેન્શન તાકીદે ચુકવવા માટે મામલતદારને લેખીત રજુઆત કરવામાં આવેલ.

હાલનાં સંજોગોમાં લીલીયા તાલુકામાં વરસાદ ઓછો હોય, છુટક મજુરી બંધ હોય તેમજ રોજગારીની અન્ય સુવિધા ઉપલબ્ધ ન હોય, વૃધ્ધ માણસોને પેન્શન એ જ સહારો હોય તાકીદે ૪ મહિનાનું પેન્શન બાકી હોય જે તાકીદે ચુકવવા વિનંતી છે.

નોકરીયાત (ગર્વમેન્ટ) કર્મચારીને દર મહિને પગાર ચુકવાય છે. તો વૃધ્ધ માણસોને કેમ અનિયમિત પેન્શન ચુકવાય છે. જેવો વેધક સવાલ કરેલ.

વૃધ્ધ માસણોને વિધવા બહેનોને પેન્શન એ જ એક માત્ર આવક હોય તો તેમને તાકીદે પેન્શન ચુકવવા માંગણી છે તેમજ હવે પછી નિયમિત પેન્શન મળે તેવું અગોત્રુ આયોજન કરવા તાલુકા કોંગ્રેસ પ્રમુખ નીતીન ત્રિવેદીએ રજુઆત કરેલ છે.

# વડેરા ગામે વિદ્યાર્થીઓને ટીડી વેકિસન આપવામાં આવી



અમરેલી, તા. ૨

જનતા વિદ્યાલય વડેરા અને પ્રાથમિક શાળા વડેરામાં ધોરણ ૧૦ અને ધોરણ પમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ટીડી વેકસીન (ધનુર અને ડિપ્થેરિયાની રસી) આપવામાં આવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અમરેલી આર.બી.એસ.કે ટીમ, સ્થાનિક આરોગ્ય કેન્દ્ર વડેરાનો સ્ટાફ તથા પ્રાથમિક શાળા વડેરા અને જનતા વિદ્યાલય વડેરાના શિક્ષક સ્ટાફનો સહયોગ મળેલ હતો.

### ગુર્જર ક્ષત્રિયા કડિયા સમાજ કર્મચારી મંડળ દ્વારા

# અમરેલીમાં ''શ્યામવાડી'' ખાતે ''સોનેરી સાંજ'' કાર્યક્રમ પારિવારીક સૌહાર્દનાં વાતાવરણ વચ્ચે સંપન્ન

**સમાજનાં દરેક પરિવારોએ ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો**



અમરેલી, તા. ૨

અમરેલી ખાતે ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ કર્મચારી મંડળ દ્વારા આયોજિત ''સોનેરી સાંજ'' કાર્યક્રમ ઉત્સાહ, ઉમંગ અને પારિવારિક સૌહાર્દના વાતાવરણ વચ્ચે સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. કાર્યક્રમમાં સમાજના કર્મચારી ભાઈઓ તથા તેમના પરિવારજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને યાદગાર બનાવ્યો હતો.

કાર્યક્રમનો પ્રારંભ પરમ પૂજય સંત શિરોમણી શામજીબાપુ પૂજા કરી દીપ પ્રાગટય અને માં ભગવતીની વંદના સાથે કરવામાં આવ્યો હતો. ત્યારબાદ અધ્યક્ષસ્થાને બિરાજમાન સી.કે. ટાંકના માર્ગદર્શન હેઠળ આજના આધુનિક અને ટેકનોલોજી પ્રધાન યુગમાં પારિવારિક મૂલ્યો, પરસ્પર સ્નેહ અને કુટુંબની એકતાનું મહત્વ ઉજાગર કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના મુખ્ય વકતા જયેશભાઈ બજાણીયાએ વિવિધ મનોરંજક રમતો, રસપ્રદ પ્રવૃત્તિઓ અને જીવનમૂલ્યોને સ્પર્શતી મર્મસભર વાતો દ્વારા ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. તેમની રજૂઆત માત્ર મનોરંજન પૂરતી મર્યાદિત ન રહી, પરંતુ પરિવાર સાથે ગુણવત્તાસભર સમય વિતાવવાના મહત્વનો સુંદર સંદેશ પણ આપી ગઈ હતી.

ત્યારબાદ જયેશભાઈ ગેડિયા અને નિલેશભાઈ ટાંકના સહયોગથી યોજાયેલી સંગીત સંધ્યામાં સૌએ સંગીતના સુમધુર સૂર સાથે આનંદની પળો માણી હતી. સમગ્ર વાતાવરણ હાસ્ય, આનંદ અને ઉત્સાહથી છલકાઈ ઉઠયું હતું.

આ કાર્યક્રમની અંદર અમરેલીના ટ્રસ્ટીગણ સી.કે. ટાંક, સુરેશભાઈ સોલંકી, મનુભાઈ ટાંક, જયંતીભાઈ મલાણી, હિરેનભાઈ સોલંકી તથા કર્મચારી મંડળના સભ્યો હાજર રહેલ હતા.

કાર્યક્રમના અંતે સૌએ ભકિતભાવપૂર્વક હનુમાન ચાલીસાના પાઠમાં સહભાગી બની આધ્યાત્મિક ઉર્જાનો અનુભવ કર્યો હતો. અંતમાં સૌએ સાથે મળીને અલ્પાહારનો લાભ લીધો અને પરસ્પર મિલન, સંવાદ તથા સમાજની એકતાને વધુ મજબૂત બનાવવાના સંકલ્પ સાથે વિદાય લીધી હતી.

# લીલીયા મોટા ખાતે સાયબર ફ્રોડ જાગૃતિ કાર્યક્રમ યોજાયો



લીલીયા મોટા, તા. ૨

આજના ડિજિટલ યુગમાં વધી રહેલા સાયબર ગુનાઓ અને ઓનલાઇન છેતરપિંડીથી વિદ્યાર્થીઓને સુરક્ષિત રાખવાના ઉદ્દેશ્ય સાથે લીલીયા મોટાની અમૃતબા વિદ્યાલય ખાતે એક વિશેષ સાયબર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ ડી.વાય.એસ.પી. (ડીવાય એસ.પી.) વિરલ ચંદનના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જેમાં શાળાના વિદ્યાર્થીઓ ઓનલાઇન નાણાકીય છેતરપિંડીઅને સાયબર ક્રાઈમનો ભોગ ન બને તે માટે તેમને વિગતવાર માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ ડીવાયએસપી વિરલ ચંદને વિદ્યાર્થીઓને સોશિયલ મીડિયાના સુરક્ષિત ઉપયોગ, અજાણી લિંકસ પર કિલક ન કરવા અને ઓનલાઇન ગેમિંગ કે અન્ય માધ્યમો દ્વારા થતા સાયબર ફ્રોડથી કેવી રીતે બચી શકાય તે અંગે ખૂબ જ સરળ શૈલીમાં સમજાવ્યું હતું. લીલીયા પોલીસ સ્ટેશનના પી.આઇ. (પીઆઈ) એમ.ડી.સાળુંકે પણ આ તકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને સાયબર ફ્રોડના વિવિધ કિસ્સાઓ અને તેનાથી બચવાના ઉપાયો વિશે માહિતગાર કર્યા હતા, તેમજ કોઈ પણ પ્રકારની ઓનલાઈન છેતરપિંડી થાય તો તુરંત પોલીસનો સંપર્ક કરવા અથવા હેલ્પલાઇન નંબરનો ઉપયોગ કરવા જણાવ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓએ આ માર્ગદર્શન સેમિનારમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો અને ડિજિટલ સુરક્ષા અંગેના આ સેમિનાર બદલ શાળા પરિવારે પોલીસ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### ''શાળા પ્રવેશોત્સવ'' જેવા કાર્યક્રમ વચ્ચે વાસ્તવિકતા કડવી

# સમગ્ર ગુજરાતમાં ધો. ૧ થી ૧૨ સુધીનાં પાઠય પુસ્તકોની અછતથી વિદ્યાર્થીઓ પરેશાન

**સાવરકુંડલાનાં ભાજપ અગ્રણીએ શિક્ષણમંત્રીને પત્ર પાઠવ્યો**

અમરેલી, તા. ૨

સાવરકુંડલા ભાજપનાં અગ્રણી રામદેવસિંહ ગોહિલે રાજયનાં શિક્ષણમંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, ગુજરાત રાજયમાં નવું શૈક્ષણિક સત્ર ગત તારીખ- ૮ જૂનથી શરૂ થઈ ગયું છે. જેને ૨૦ દિવસથી વધુનો સમયગાળો થઈ ગયો હોવા છતાં ધોરણ- ૧ થી ૧૨ સુધીના વર્ગોના પાઠયપુસ્તકોની ખૂબ જ અછત જોવા મળી રહી છે. સમગ્ર રાજયમાં ખાનગી શાળાઓ તથા સરકારી શાળાઓમાં પાઠયપુસ્તકો વિના વિદ્યાર્થીઓનું શિક્ષણ બગડી રહ્યું છે. ગુજરાત સરકાર દ્વારા રાજયમાં શિક્ષણનું સ્તર સુધરે તે માટે શાળા પ્રવેશોત્સવ, ગુણોત્સવ, જેવા અનેકવિધ પ્રયાસો અને કાર્યક્રમો કરવામાં આવે છે, પરંતુ ગુજરાત રાજય પાઠયપુસ્તક મંડળની ઘોર બેદરકારીથી હાલમાં સમગ્ર રાજયમાં પાઠયપુસ્તકોને લઈને ખૂબ જ અંધાધુંધી સર્જાય રહી છે, તો આ અંગે તપાસ કરી, ત્વરિત કાર્યવાહી કરી, રાજયમાં વિદ્યાર્થીઓને પાઠયપુસ્તકો મળી રહે તેવી વ્યવસ્થા કરવા અંતમાં માંગ કરેલ છે.


**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

**શ્રીનાથજી કોમ્પ્યુટર્સ** ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪


# સાવરકુંડલાનાં આંબરડી અને આદસંગ ગામે એકસ રે શિબિર યોજાઈ



એનટીઈપી કાર્યક્રમ અંતર્ગત ૧૦૦ દિવસ કામગીરી અન્વયે હેન્ડી એકસ રે મશીન દ્વારા સાવરકુંડલા તાલુકાના પીએચસી આંબરડીના આંબરડી તથા આદસંગ ગામે એકસ રે શિબિરનું આયોજન કરવામાં આવેલ. જે અંતર્ગત વનરેબલ પોપ્યુલેશન સ્ક્રીનીંગ કરવામાં આવેલ જેમાં ટીબીના હાલમાં શરૂ સારવાર હેઠળના દર્દીના સંપર્ક વાળા વ્યક્તિ, ડાયાબિટીસ-બીપી-કેન્સર વાળા દર્દીઓ, ૬૦ વર્ષથી વધુ ઉંમર વાળી વ્યક્તિઓ તથા ૧૪ વર્ષ ઉપરની ઉંમર ધરાવતી વ્યકિઓનું સ્ક્રીનીંગ કરવામાં આવેલ તથા આ પાડવામા આવેલ એકસ રેમાં જો કોઈ વ્યક્તિને ખામી જોવા મળે તો તેમને ઘર બેઠાં ટીબી દર્દની સંપુર્ણ સારવાર ફ્રી પુરી પાડવામાં આવશે આ એકસ રે શિબિરમાં આંબરડી અને આદસંગ ગામના વનરેબલ પોપ્યુલેશન માંથી ૧૭૦ લાભાર્થીઓએ એકસ રે પડાવી આ સેવાનો લાભ લીધો હતો. આ કામગીરીનો શુભારંભ આંબરડી ગામના સરપંચ તથા આદસંગ ગામના સરપંચ દ્વારા કરવામાં આવેલ તથા ડો. મીના, તાલુકા હેલ્થ ઓફિસર સાવરકુંડલા, પીએચસી આંબરડીના મેડિકલ ઓફિસર, જિલ્લા સુપરવાઈઝર જતીનભાઈ વ્યાસ, તાલુકા સુપરવાઈઝર- સાવરકુંડલા મુકેશભાઈ ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ. જેમાં એકસ રે ટેકિનશન નિસર્ગભાઈ વિસાણી અને એસટીએસ હિતેશભાઈ અને એસટીએલએસ વિજયભાઈએ પૂરો સહકાર આપેલ હતો.

## સમાજનાં નિરાધાર બાળકોને પ્રેમ, હુંફ અને શિક્ષણ મળી રહે તે માટે

# અમરેલી ખાતે “વાત્સલ્યધામ”નો પ્રેરણાત્મક શુભારંભ

**નિરાધાર બાળકોનાં હિતમાં વસંતભાઈ ગજેરા પરિવારે કરોડો રૂપિયાનાં ખર્ચે ‘વાત્સલ્યધામ’નું નિર્માણ કર્યુ**

**૧૨ વર્ષ સુધીનાં નિરાધાર બાળકોની તમામ વ્યવસ્થા તદ્દન નિઃશુલ્ક કરવામાં આવશે**

**સુરત, અમરેલી બાદ દેશનાં અન્ય શહેરોમાં પણ ‘વાત્સલ્યધામ’ સ્થાપવાનો સંકલ્પ**

**જો કોઈને ધ્યાને નિરાધાર બાળક આવે તો વાત્સલ્યધામનો સંપર્ક કરવા જણાવાયું**




અમરેલી, તા. ૨

નિરાધાર અને જરૂરિયાતમંદ બાળકોને શિક્ષણ, સંસ્કાર અને સુરક્ષિત ભવિષ્યનો આધાર પૂરો પાડવાના પવિત્ર હેતુથી વસંતભાઈ ગજેરાના માર્ગદર્શન હેઠળ અમરેલી ખાતે નિર્માણ પામેલા વાત્સલ્યધામનો આજે અત્યંત સાદગીપૂર્ણ અને પ્રેરણાત્મક શુભ પ્રારંભ કરવામાં આવ્યો હતો. કરોડોના ખર્ચે નિર્માણ પામેલા આ ભવ્ય વાત્સલ્યધામનું શુભારંભ અમરેલીના સામાજિક આગેવાનો તથા અભ્યાસ કરતી દીકરીઓના હસ્તે કરવામાં આવ્યું હતું. આ અનોખો નિર્ણય સમાજને સેવા, સંસ્કાર અને સમાનતાનો સશકત સંદેશ આપનાર રહ્યો.

વિદ્યાર્થીઓનું શૈક્ષણિક વર્ષ શરૂ થઈ ચૂકયું હોવાથી બાળકોના અભ્યાસમાં કોઈ વિલંબ ન થાય તે હેતુસર, નાદુરસ્ત તબિયતને કારણે ઉપસ્થિત રહી શકયા ન હોવા છતાં વસંતભાઈ ગજેરાએ શિક્ષણકાર્યનો પ્રારંભ સમયસર કરાવવાનો આગ્રહ રાખ્યો હતો. બાળકોના ભવિષ્ય પ્રત્યેની તેમની આ સંવેદના અને પ્રતિબદ્ધતા સે માટે પ્રેરણારૂપ બનીહતી.

આ પ્રસંગે વસંતભાઈ ગજેરાનો સંદેશ રજૂ કરતાં જણાવાયું હતું કે, ‘માત્ર દાન કરવું એ જ સેવા નથી, પરંતુ બાળકોને શિક્ષણ, સંસ્કાર અને જીવનમૂલ્યો આપીને તેમના વ્યકિતત્વનું ઘડતર કરવું એ જ સર્વોત્તમ સેવા છે.’ તેનાથી જ શ્રેષ્ઠ સમાજની રચના થશે.

વાત્સલ્યધામ એ સ્વર્ગસ્થ ચંપાબેન વસંતભાઈ ગજેરાનું સ્વપ્ન છે. નિરાધાર અને વંચિત બાળકોને માતા–પિતાના સ્નેહ સમાન હૂંફ, ગુણવત્તાસભર શિક્ષણ, ઉત્તમ સંસ્કાર અને જીવનમૂલ્યો સાથે આત્મનિર્ભર બનાવવાના આ સ્વપ્નને વસંતભાઈ ગજેરા તથા સમગ્ર ગજેરા પરિવારે જીવનસંકલ્પ બનાવ્યો છે.

આ સંકલ્પને સાકાર કરતાં વર્ષ ૨૦૦૬માં સુરત ખાતે પ્રથમ વાત્સલ્યધામની સ્થાપના કરવામાં આવી હતી. અત્યાર સુધીમાં ત્યાંથી અંદાજે ૧,૫૦૦થી વધુ દીકરા–દીકરીઓ શિક્ષણ મેળવી પોતાના જીવનમાં સફળ કારકિર્દી બનાવી ચૂકયા છે, જયારે હાલમાં આશરે ૯૦૦ જેટલા બાળકો અભ્યાસ કરી રહ્યા છે. વર્ષ ૨૦૨૫માં ઓડિશા ખાતે બીજા વાત્સલ્યધામની શરૂઆત બાદ હવે અમરેલી ખાતે ત્રીજા વાત્સલ્યધામનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આગામી સમયમાં સમગ્ર ભારતમાં નવ વાત્સલ્યધામ સ્થાપવાનો સંકલ્પ પણ વસંતભાઈ ગજેરાએ વ્યકત કર્યો છે. વાત્સલ્યધામમાં એવા બાળકોને પ્રાથમિકતા આપવામાં આવશે કે જેમના માતા–પિતા બંને હયાત ન હોય, માતા અથવા પિતા પૈકી કોઈ એક ન હોય અને પરિવારની આર્થિક સ્થિતિ નબળી હોય અથવા માતા–પિતા હોવા છતાં બાળકને યોગ્ય સારસંભાળ, શિક્ષણ અને સંસ્કાર મળતા ન હોય. આવા સર્વ જ્ઞાતિના જરૂરિયાતમંદ બાળકોને અહીં નિઃશુલ્ક નિવાસ, શિક્ષણ, સંસ્કાર અને સર્વાંગી વિકાસની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે.

આ પ્રસંગે સમાજના તમામ નાગરિકોને અપીલ કરવામાં આવી હતી કે જો તેમના ધ્યાનમાં કોઈ નિરાધાર અથવા જરૂરિયાતમંદ બાળક હોય તો તેઓ વાત્સલ્યધામનો સંપર્ક કરીને આવા બાળકોને શિક્ષણ અને ઉજ્જવળ ભવિષ્ય સાથે જોડવાના આ મહાયજ્ઞમાં સહભાગી બને.

આ પ્રેરણાદાયી શુભ પ્રારંભ પ્રસંગે સમાજના અનેક અગ્રણી મહાનુભાવો ઉપસ્થિત રહી પોતાના શુભાશીર્વાદ પાઠવ્યા હતા. જેમાં અનિભાઈ સાવલિયા, વસંતભાઈ મોવલીયા, કાળુભાઈ ભંડેરી, દિનેશભાઈ ભુવા, કાળુભાઈ સતાસિયા, રમેશભાઈ કાથરોટીયા, સુરેશભાઈ દેસાઈ, એ.કે. કોરાટ, શંભુભાઈ દેસાઈ, ગોરધનભાઈ માંદલિયા, ગણપતભાઈ સેંજલિયા, રાજેશભાઈ ગઢિયા, દયાળભાઈ સંઘાણી, નિમેષભાઈ બાંભરોલિયા, સુરેશભાઈ શેખવા, પરેશભાઈ આચાર્ય, ભારમલભાઈ મોઈઝભાઈ, જયંતીભાઈપટોળિયા, ડો. અતુલભાઈ પટેલ, ગોપાલભાઈ કચ્છી, જીતેન્દ્રભાઈ સેંજલિયા, વિઠ્ઠલભાઈ સેંજલિયા, નંદલાલભાઈ તળાવિયા, ભરતભાઈ કાબરિયા, રાજેશભાઈ ઝાલાવાડિયા, વસંતભાઈ પોકળ, દિવ્યેશભાઈ તળાવિયા, ગુલાબભાઈ દતાણી, દિનેશભાઈ પટેલ, શૈલેષભાઈ કથીરિયા, રૂઝુલભાઈ ગોંડલિયા, ભરતભાઈ દવે અને દીપકભાઈ કાછડિયા સહિતના આગેવાનોની વિશેષ ઉપસ્થિતિ નોંધપાત્ર રહી હતી.

તેમજ સંસ્થા તરફથી ચતુરભાઈ ખૂંટ, એમ.કે. સાવલિયા, વસંતભાઈ પેથાણી, મનસુખભાઈ ધાનાણી, ભરતભાઈ ધડુક, દિનેશભાઈ કાપડિયા, પ્રવીણભાઈ ગજેરા તેમજ સંસ્થાના તમામ અધિકારીઓ અને સ્ટાફ ઉપસ્થિત રહી વાત્સલ્યધામની શુભ શરૂઆતના આ ઐતિહાસિક અને પ્રેરણાદાયી પ્રસંગના સાક્ષી બન્યા હતા.

વાત્સલ્યધામ માત્ર એક સંસ્થા નથી, પરંતુ નિરાધાર બાળકોના જીવનમાં આશા, આત્મવિાસ, સંસ્કાર અને ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરતું એક જીવંત પરિવાર છે.

સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા તેમજ સમગ્ર ગજેરા પરિવાર દ્વારા આ શુભ પ્રસંગે ઉપસ્થિત રહેનાર તમામ મહાનુભાવોનો આભાર વ્યકત કર્યાની સાથે આ કાર્યને સફળ બનાવવા સંસ્થાના વ્યવસ્થાપક સમિતિના તમામ સભ્યોને સારા કાર્યની શુભ શરૂઆત કરવા અને તે અંગેની જહેમત ઉઠાવવા માટે અભિનંદન પાઠવ્યા હતા.

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of
RPCA
NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com

HONDA સ્ટાફ જોઈએ છે
The Power of dreams સપનાઓ થશે સાકાર...
(1) P.D.I. બોય ........................05
(2) મિકેનિક ........................05
(3) હેલ્પર ........................05
રસ ધરાવતા વ્યકિતઓએ રૂબરૂ સંપર્ક કરવો
સંપર્ક સમય : સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦, સાંજે ૫:૦૦ થી ૭:૦૦
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ,
અમરેલી, Mo.94267 16241 / 63565 65721
રીઝયુમ parikhautomobilesamreli@gmail.com ઉપર મોકલશો












### મંદિર અને પોલીસ સ્ટેશનના વીડિયો મોકલતા હતા પાકિસ્તાન

# દિલ્હીને ધ્રુજાવવાનું કાવતરું નિષ્ફળ: ૪ આતંકીઓની ધરપકડ

## પોલીસે કેસમાં પંજાબ અને દિલ્હીથી ચાર આતંકીઓની ધરપકડ કરી, જેઓ પાકિસ્તાની હેન્ડલરના ઈશારે દિલ્હીને હચમચાવી નાખવાનું કાવતરું ઘડી રહ્યા હતા

નવી દિલ્હી, તા.૨

દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલે એક મોટા આંતરરાજ્યીય ઓપરેશનમાં પાકિસ્તાનની એજન્સી ISI સમર્થિત આતંકવાદી અને હથિયાર તસ્કરી નેટવર્કનો પર્દાફાશ કર્યો છે.

પોલીસે આ કેસમાં પંજાબ અને દિલ્હીથી ચાર આતંકીઓની ધરપકડ કરી છે, જેઓ પાકિસ્તાની હેન્ડલરના ઈશારે રાજધાની દિલ્હીને હચમચાવી નાખવાનું કાવતરું ઘડી રહ્યા હતા. પકડાયેલા આતંકીઓ પાસેથી તુર્કી મેડ જિગાના પિસ્તોલ સહિત બે વિદેશી પિસ્તોલ, નવ કારતૂસ અને પાંચ મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યા છે.

સ્પેશિયલ સેલના ડીસીપી પ્રવીણ કુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર, એસીપી વિવેક કુમાર ત્યાગી, ઈન્સ્પેક્ટર સતીશ રાણા અને ઈન્સ્પેક્ટર અશોકની ટીમને ટેક્નિકલ અને ખુફિયા ઈનપુટ મળ્યા હતા કે પાકિસ્તાનમાં બેઠેલો ISI હેન્ડલર શાહઝાદ ભટ્ટી પોતાના સાથીઓ સાથે મળીને દિલ્હી-NCRમાં કોઈ મોટી આતંકી ઘટના અંજામ આપવાની તૈયારીમાં હતો. આ માટે તેણે પંજાબના સ્થાનિક યુવાનોને પોતાના જાળમાં ફસાવ્યા હતા.

પ્રારંભિક તપાસ બાદ સ્પેશિયલ સેલે ભારતીય ન્યાય સંહિતા અને આર્મ્સ એક્ટની સંબંધિત કલમો હેઠળ કેસ નોંધીને તપાસ શરૂ કરી. ત્યારબાદ દિલ્હી અને પંજાબમાં અનેક સ્થળોએ તાબડતોડ દરોડા પાડવામાં આવ્યા. સૌથી પહેલા પંજાબના અમૃતસર (મજીઠા રોડ)થી શુભદીપ સિંહ ઉર્ફે વિશાલની ધરપકડ કરવામાં આવી. તેની પાસેથી એક સેમી-ઓટોમેટિક પિસ્તોલ, પાંચ કારતૂસ અને બે મોબાઈલ મળ્યા. પૂછપરછમાં તેણે કબૂલ્યું કે, તે શાહઝાદ ભટ્ટી નેટવર્કના પાકિસ્તાની હેન્ડલર્સ સાથે સીધા સંપર્કમાં હતો અને ડ્રોનના માધ્યમથી હથિયાર તેમજ ડ્રગ્સની ખેપ મેળવતો હતો.શુભદીપ પાસેથી મળેલી માહિતીના આધારે પંજાબમાંથી તેના બે અન્ય સાથીઓ ગુરજંત સિંહ ઉર્ફે ઋષિ અને સાજન સિંહ ઉર્ફે હનીને પકડી પાડવામાં આવ્યા. તેમની પાસેથી 'જિગાના પિસ્તોલ' અને ચાર કારતૂસ જપ્ત કરવામાં આવ્યા. ત્યારબાદ આગળ કાર્યવાહી કરતાં પોલીસે ગગનપ્રીત નામના ચોથા આતંકીની દિલ્હીથી ધરપકડ કરી. તેના મોબાઈલમાંથી અનેક આપત્તિજનક પુરાવા મળ્યા છે.

પકડાયેલા આરોપીઓમાંથી ગગનપ્રીતને પાકિસ્તાની હેન્ડલર્સે અત્યંત જોખમી કામ સોંપ્યું હતું. તેણે દિલ્હીમાં પોલીસ સ્ટેશનો, પોલીસ ચોકીઓ અને મુખ્ય ધાર્મિક સ્થળોની રેકી કરી લીધી હતી અને તેના વીડિયો બનાવીને પાકિસ્તાન મોકલ્યા હતા. તેને દિલ્હીમાં કોઈ સ્થળે તાબડતોડ ફાયરિંગ કરીને આતંક ફેલાવવાનું પણ ટાસ્ક આપવામાં આવ્યું હતું.

### એજન્સી એલર્ટ

# અમરનાથ યાત્રાને નિશાન બનાવવાનું પાકિસ્તાનનું કાવતરુ

## સાંબા અને કઠુઆ સેક્ટરમાં ડ્રોનથી શસ્ત્રો પહોચાડવાનું કાવતરું ઘડવામાં આવ્યું હોવાની માહિતી એજન્સીને મળી

જમ્મુ, તા.૨

પાકિસ્તાન સ્થિત આતંકવાદી હેન્ડલર્સ અમરનાથ યાત્રાને નિશાન બનાવવા માટે સાંબા અને કઠુઆ સેક્ટરમાં ડ્રોન દ્વારા શસ્ત્રો ફેંકવાનું કાવતરું ઘડી રહ્યા છે. આ ગુપ્ત માહિતી બાદ સુરક્ષા એજન્સીઓ હાઈ એલર્ટ પર છે. BSF અને પોલીસ આંતરરાષ્ટ્રીય સરહદ પર દેખરેખ અને શોધ કામગીરી ચલાવી રહી છે. કોઈપણ આતંકવાદી કાવતરાને નિષ્ફળ બનાવવા માટે યાત્રા માર્ગ પર સુરક્ષા વ્યવસ્થા પણ કડક કરવામાં આવી છે. અમરનાથ યાત્રાના પ્રારંભ સાથે સુરક્ષા એજન્સીઓને મહત્વપૂર્ણ ગુપ્ત માહિતી મળી છે. અહેવાલો સૂચવે છે કે, પાકિસ્તાન સ્થિત આતંકવાદી હેન્ડલર્સ જમ્મુ વિભાગમાં આંતરરાષ્ટ્રીય સરહદ પર આવેલા સાંબા અને કઠુઆ સેક્ટરમાં ડ્રોનનો ઉપયોગ કરીને શસ્ત્રો અને દારૂગોળો ફેંકવાનું કાવતરું ઘડી રહ્યા છે. આ ઈનપુટ બાદ, સરહદ પર તહેનાત સુરક્ષા એજન્સીઓ અને સુરક્ષા દળોને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. સૂત્રો જણાવે છે કે છેલ્લા બે થી ત્રણ દિવસમાં પાકિસ્તાનના સિયાલકોટ જિલ્લાના બડાલા ગુજરાન વિસ્તારમાં ઘણા પાકિસ્તાની આતંકવાદી હેન્ડલર્સનું હલનચલન જોવા મળ્યું છે. એવું માનવામાં આવે છે કે, આ બેઠકો દરમિયાન ભારતીય ક્ષેત્રમાં શસ્ત્રો પહોંચાડવાની યોજના ઘડી હતી.સુરક્ષા એજન્સીઓને શંકા છે કે આગામી બે થી ત્રણ અઠવાડિયામાં સાંબા અને કઠુઆ સેક્ટરમાં ડ્રોન દ્વારા શસ્ત્રોનો જથ્થો ફેંકવાનો પ્રયાસ થઈ શકે છે. આ શસ્ત્રો જમ્મુ અને કાશ્મીરમાં સક્રિય આતંકવાદીઓ માટે હોઈ શકે છે અને અમરનાથ યાત્રાને નિશાન બનાવવાના કાવતરાના ભાગ રૂપે ઉપયોગમાં લઈ શકાય છે.

ગુપ્તચર માહિતી બાદ, સરહદ સુરક્ષા દળ (BSF), જમ્મુ અને કાશ્મીર પોલીસ અને અન્ય સુરક્ષા એજન્સીઓએ આંતરરાષ્ટ્રીય સરહદ પર દેખરેખ અને શોધ કામગીરી તીવ્ર બનાવી છે. કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિને સમયસર નિષ્ક્રિય કરવા માટે ડ્રોન વિરોધી ટેકનોલોજી, ઈલેક્ટ્રોનિક દેખરેખ અને પેટ્રોલિંગ પણ વધારવામાં આવ્યું છે. સુરક્ષા એજન્સીઓ માને છે કે, આતંકવાદી સંગઠનો અમરનાથ યાત્રા દરમિયાન વાતાવરણને બગાડવા માટેનો અને ગભરાટ ફેલાવવાનો પ્રયાસ કરી શકે છે. પરિણામે, યાત્રાધામ માર્ગ પર, બેઝ કેમ્પ પર અને આંતરરાષ્ટ્રીય સરહદ નજીકના સંવેદનશીલ વિસ્તારોમાં સુરક્ષા પગલાં વધુ કડક કરવામાં આવ્યા છે. જો કે, સુરક્ષા એજન્સીઓ જણાવે છે કે, આ ગુપ્ત માહિતીને સાવચેતીના પગલા તરીકે ગણવામાં આવી રહી છે, અને તમામ સંબંધિત દળોને સતર્ક રહેવાની સૂચના આપવામાં આવી છે જેથી કોઈપણ આતંકવાદી કાવતરાને સમયસર નિષ્ફળ બનાવી શકાય. ૨૦૨૬ ની અમરનાથ યાત્રા આવતીકાલ ૩ જુલાઈથી શરૂ થશે અને ૨૮ ઓગસ્ટના રોજ પૂર્ણ થશે, જે ૫૭ દિવસના સમયગાળામાં ચાલશે. આ તારીખો અમરનાથજી શ્રાઈન બોર્ડ (SASB) માંથી લેવામાં આવી છે. આ યાત્રા સામાન્ય રીતે રક્ષાબંધનના દિવસે સમાપ્ત થાય છે, જ્યારે પવિત્ર 'છરી મુબારક' ગુફા મંદિરમાં પહોંચે છે.

### અમરનાથ યાત્રા ૨૦૨૬નો પ્રારંભ

# જમ્મુથી 'બાબા બરફાની'ના ભક્તોનો પ્રથમ જથ્થો શ્રીનગર તરફ રવાના

## ગુરુવારે જમ્મુથી અમરનાથ યાત્રીઓનો પ્રથમ જથ્થો કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે શ્રીનગર માટે રવાના થયો હતો

જમ્મુ, તા.૨

જમ્મુ-કાશ્મીરમાં પવિત્ર અમરનાથ યાત્રા ૨૦૨૬નો ઔપચારિક પ્રારંભ થઈ ગયો છે. ગુરુવારે (૨ જુલાઈ) જમ્મુથી અમરનાથ યાત્રીઓનો પ્રથમ જથ્થો કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે શ્રીનગર માટે રવાના થયો હતો. આ જથ્થો સાંજ સુધી શ્રીનગર પહોંચશે. આ વર્ષે પ્રથમ વખત બાબા બરફાનીના દર્શન કરવા આવનારા યુવાનોની સંખ્યા નોંધપાત્ર જોવા મળી રહી છે. ગુરુવારે વહેલી સવારે લગભગ ૫ વાગ્યે જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિંહાએ યાત્રીઓના પ્રથમ જથ્થાને લીલી ઝંડી બતાવી રવાના કર્યો હતો. "બમ બમ ભોલે"ના જયઘોષથી સમગ્ર વિસ્તાર ગુંજી ઉઠ્યું હતો. દેશના વિવિધ રાજ્યોમાંથી આવેલા શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.રાજસ્થાન સહિતના વિવિધ વિસ્તારોમાંથી આવેલા અનેક શ્રદ્ધાળુઓ પ્રથમ વખત અમરનાથ યાત્રામાં જોડાયા છે. તેમનું કહેવું છે કે, તેઓ છેલ્લા એક વર્ષથી આ પવિત્ર યાત્રાની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. યાત્રાને લઈને તેમના મનમાં કોઈ ડર કે ભય નથી. શ્રદ્ધાળુઓએ જણાવ્યું કે, "જ્યારે અમરનાથ યાત્રાનું રજિસ્ટ્રેશન શરૂ થયું ત્યારે અમે તરત જ નોંધણી કરાવી હતી. બાબા બરફાનીના પ્રથમ દર્શન કરવાનો અને પ્રથમ જથ્થામાં સામેલ થવાનો અમને વિશેષ સદભાગ્ય મળ્યું છે."

આ વર્ષની યાત્રાને સુરક્ષિત બનાવવા માટે કેન્દ્ર સરકારે જમ્મુ-કાશ્મીરમાં ૭૦ હજારથી વધુ વધારાના સુરક્ષાકર્મીઓ તૈનાત કર્યા છે. ઉપરાંત જમ્મુ-કાશ્મીર પોલીસ, બીએસએફ, સીઆરપીએફ અને ભારતીય સેના પણ યાત્રાળુઓની સુરક્ષા માટે સતત તૈનાત છે. યાત્રાળુઓના કાફલા સાથે સીઆરપીએફના જવાનો અને કોબ્રા કમાન્ડો પણ સુરક્ષા પૂરી પાડી રહ્યા છે. જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે પર યાત્રાના કાફલાને વિશેષ સુરક્ષા હેઠળ એસ્કોર્ટ કરવામાં આવે છે.

બાલટાલ અને પહલગામ પહોંચ્યા બાદ યાત્રાળુઓ શુક્રવારે સવારે પવિત્ર અમરનાથ ગુફા તરફ પ્રસ્થાન કરશે. યાત્રા દરમિયાન હાઈવે પર અન્ય વાહનોની અવરજવર પર નિયંત્રણ મૂકવામાં આવે છે અને સમગ્ર માર્ગને સુરક્ષાના કારણોસર સીલ કરવામાં આવે છે.ભાજપના નેતા પ્રતિપક્ષ સુનીલ શર્માએ દાવો કર્યો છે કે, આ વર્ષની અમરનાથ યાત્રા અગાઉના તમામ રેકોર્ડ તોડી શકે છે. તેમણે જણાવ્યું કે શ્રદ્ધાળુઓમાં અદભૂત ઉત્સાહ અને અખંડ આસ્થા જોવા મળી રહી છે.

એબીપી ન્યૂઝ સાથેની વાતચીતમાં સુનીલ શર્માએ કહ્યું કે, "યાત્રાળુઓને સુરક્ષા દળો પર સંપૂર્ણ વિશ્વાસ છે. આ યાત્રા માત્ર ધાર્મિક આસ્થાનું પ્રતિક નથી, પરંતુ જમ્મુ-કાશ્મીરની ઓળખ પણ છે. દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ અહીં આવીને ભગવાન ભોલેનાથના દર્શન કરે છે." તેમણે ઉમેર્યું કે યાત્રા દરમિયાન હવામાન, ભૂગોળ અને સુરક્ષા સંબંધિત અનેક પડકારો હોવા છતાં સરકાર અને સુરક્ષા એજન્સીઓ તમામ જરૂરી વ્યવસ્થાઓ સાથે યાત્રાને સફળ બનાવવા પ્રતિબદ્ધ છે.

### હું કલાકાર છું, કોઈ નેતા નથી: દિલજીત દોસાંઝ

# કોકરોચ જનતા પાર્ટીના આંદોલનથી દિલજીત દોસાંઝે બનાવી દૂરી

## દિલજીત દોસાંઝે આ આંદોલનથી દૂરી બનાવી છે : તેઓ આમાં કોઈપણ પ્રકારે સામેલ થવા નથી માગતા

નવી દિલ્હી, તા.૨

દિલ્હીના જંતર-મંતર પર હાલમાં કોકરોચ જનતા પાર્ટી (CJP) દ્વારા સતત શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. NEET પેપર લીક મામલે તેમની માગ છે કે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન પોતાનું રાજીનામું આપે. જોકે, શિક્ષણ મંત્રીએ હજુ સુધી રાજીનામું આપ્યું નથી, જેના કારણે CJPનું પ્રદર્શન યથાવત છે.ઈન્ટરનેટ પર મોટાભાગના બોલિવૂડ સેલેબ્સે CJPને સમર્થન આપ્યું છે. પ્રકાશ રાજ તો તેમનો સપોર્ટ કરવા માટે વિરોધ પ્રદર્શનમાં પણ સામેલ થઈ ગયા હતા. પરંતુ પંજાબી સેન્સેશન અને હવે બોલિવૂડ એક્ટર બની ચૂકેલા દિલજીત દોસાંઝે આ આંદોલનથી દૂરી બનાવી છે. તેઓ આમાં કોઈપણ પ્રકારે સામેલ થવા નથી માગતા.તાજેતરમાં જ દિલજીત દોસાંઝ ઈન્સ્ટાગ્રામ પર લાઈવ આવ્યો હતો, જ્યાં તેમના એક ચાહકે CJP પ્રદર્શન અંગે તેમનો અભિપ્રાય જાણવા માગ્યો હતો. આ અંગે સિંગરે કોઈપણ જાતના સંકોચ વિના પંજાબીમાં કહ્યું હતું કે, જંતર-મંતર પર કયું વિરોધ પ્રદર્શન ચાલી રહ્યું છે? પ્લીઝ મને આ પ્રદર્શનો અને બાકીની વસ્તુઓથી દૂર રાખો. હું એક કલાકાર છું, નેતા નહીં. આ દુનિયામાં ક્યારેય કંઈ સારું થવાનું નથી. તેથી, જે કોઈ પણ વિરોધ પ્રદર્શન કરી રહ્યું છે, તેમને મુબારક. અને જેમની સામે આ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે, તેમને પણ મુબારક, કારણ કે મને તો કંઈ જ ખબર નથી.તમને જણાવી દઈએ કે, દિલજીત થોડા સમય પહેલા જ પ્રો-ખાલિસ્તાની પ્રદર્શનકારીઓને કારણે ચર્ચામાં આવ્યો હતો. તેમના લાઈવ કોન્સર્ટ દરમિયાન અચાનક કેટલાક લોકો હાથમાં ખાલિસ્તાની ઝંડા લઈને સ્ટેજ પર ચઢી ગયા હતા, જેના કારણે સિંગરે થોડીવાર માટે પોતાનો શો રોકવો પડ્યો હતો. જોકે, ત્યારબાદ તેઓ ફરીથી નાચવા-ગાવામાં વ્યસ્ત થઈ ગયા હતા.દિલજીતના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો, આજકાલ તેની ફિલ્મ મેં વાપસ આઉંગા ચર્ચામાં છે. આ ફિલ્મને રિલીઝ થયાને ૨૦ દિવસ વીતી ગયા છે, તેમ છતાં તે બોક્સ ઓફિસ પર સતત પોતાનો કમાલ દેખાડી રહી છે. ડિરેક્ટર ઈમ્તિયાઝ અલીની આ ફિલ્મને શાનદાર વર્ડ ઓફ માઉથના કારણે બહુ મોટો ફાયદો મળ્યો છે. આ ફિલ્મની કમાણી ૫૦ કરોડ રૂપિયાને પાર થઈ ચૂકી છે, જે તેના માટે એક બહુ મોટી વાત છે. દિલજીતની આ ફિલ્મને જે પ્રકારે ઓપનિંગ મળી હતી, તેને જોતાં આટલું કલેક્શન ખરેખર પ્રશંસાને પાત્ર છે.

### કેતન અગ્રવાલને કોણે ધક્કો માર્યો તેના પુરાવા નથી!

# સિયાનો લાઈ-ડિટેક્ટર ટેસ્ટ કરાવવા પોલીસની માંગ

## લોહગઢ કિલ્લા પર બનેલી આ ઘટનામાં સિયા અને તેના પાર્ટનર ચેતન ચૌધરી પર હત્યાનું ષડયંત્ર રચવાનો આરોપ છે

પૂણે, તા.૨

પૂણેના ચર્ચિત બિલ્ડર કેતન અગ્રવાલ મર્ડર કેસમાં એક નવો વળાંક આવ્યો છે. આ હાઈ-પ્રોફાઈલ કેસની મુખ્ય આરોપી સિયા ગોયલ સાચું બોલે છે કે જૂઠું, તે જાણવા માટે પૂણે પોલીસે ગુરુવારે કોર્ટ પાસે લાઈ-ડિટેક્ટર (પોલીગ્રાફ) ટેસ્ટ કરવાની મંજૂરી માંગી છે. તપાસ કરી રહેલી પોલીસે કોર્ટને જણાવ્યું કે, આ કેસમાં આરોપીઓએ આપેલા નિવેદનો સિવાય કોઈ પ્રત્યક્ષદર્શી સાક્ષી કે એવા કોઈ મજબૂત પુરાવા નથી, જે સાબિત કરી શકે કે કેતનને ખીણમાં કોણે ધક્કો માર્યો હતો. આ સંજોગોમાં કેસના મૂળ સુધી પહોંચવા અને પુરાવા મેળવવા માટે આરોપીનો આ ટેસ્ટ કરવો ખૂબ જ મહત્ત્વનો બન્યો છે.પોલીસે કોર્ટમાં રજૂઆત કરતા જણાવ્યું હતું કે, મુખ્ય આરોપી સિયા ગોયલ અને સહ-આરોપી ચેતન ચૌધરીના નિવેદનો અગાઉ નોંધી લેવામાં આવ્યા છે, પરંતુ તપાસને વધુ મજબૂત કરવા અને સત્ય સામે લાવવા માટે પોલીગ્રાફ ટેસ્ટ કરવો ખૂબ જરૂરી છે.પોલીસનું માનવું છે કે આ ટેસ્ટના આધારે કેસમાં કેટલાક નવા અને મહત્ત્વના પુરાવા મળી શકે છે. બીજી તરફ, સિયા ગોયલના વકીલ વિપુલ દુશિંગે આ અંગે જણાવ્યું કે, પોલીસ ભલે કોર્ટમાં ગઈ હોય પરંતુ આવા ટેસ્ટ માટે ઘણી કાનૂની અને ટેકનિકલ પ્રક્રિયાઓ પૂરી કરવી પડે છે અને સૌથી મહત્ત્વની વાત એ છે કે આ ટેસ્ટ માટે આરોપીની સહમતી હોવી પણ ફરજિયાત છે.આ ચકચારી ઘટના ૧૮ જૂનના રોજ લોહગઢ કિલ્લા પર બની હતી, જ્યાં પૂણેના બિલ્ડર કેતન અગ્રવાલને કિલ્લાની ઊંડી ખીણમાં ધક્કો મારીને મોતને ઘાટ ઉતારી દેવાયો હતો. કેતન અને સિયા ગોયલની સગાઈ થઈ ચૂકી હતી અને આગામી નવેમ્બર મહિનામાં તેમના લગ્ન થવાના હતા. જોકે, પોલીસે સિયા ગોયલ અને તેના કથિત પાર્ટનર ચેતન ચૌધરી પર કેતનની હત્યાનું ષડયંત્ર રચવાનો આરોપ લગાવ્યો છે. ઘટના બાદ બંનેની ધરપકડ કરવામાં આવી હતી અને હાલમાં તેઓ ૩ જુલાઈ સુધી પોલીસ કસ્ટડીમાં છે.

આ કેસમાં પોલીસને વધુ એક મોટી શંકા એ છે કે કેતનના મોત બાદ તેનો મોબાઈલ ફોન થોડા સમય માટે સિયા પાસે જ હતો, જે બાદમાં તેણે કેતનના પરિવારને સોંપ્યો હતો. પૂણે ગ્રામ્ય પોલીસને આશંકા છે કે સિયાએ આ સમય દરમિયાન મોબાઈલમાંથી કોઈ મહત્ત્વના પુરાવા કે ચેટ ડિલીટ કર્યા હોઈ શકે છે, જેની અત્યારે ફોરેન્સિક નિષ્ણાતો દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

તપાસના ભાગરૂપે પોલીસે ૧ જુલાઈએ ચેતન ચૌધરીને સાથે રાખીને લોહગઢ કિલ્લા પર ક્રાઈમ સીન રીક્રીએટ કર્યો હતો. આ પહેલાં રવિવારે સિયા ગોયલની હાજરીમાં પણ એક ડમીનો ઉપયોગ કરીને કેતનને ખીણમાં કેવી રીતે ફેંકવામાં આવ્યો તેની આખી સિક્વન્સ સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

### નવા ફીચર પર અસમંજસ બાદ WhatsAppનો જવાબ

# યુઝરનેમ વૈકલ્પિક, કોઈ તમને સર્ચ નહીં કરી શકે

## સરકારે વોટ્સએપને ૩ દિવસમાં સંપૂર્ણ માહિતી આપવા જણાવ્યું છે, જ્યાં સુધી વાતચીત પૂર્ણ ન થાય ત્યાં સુધી ભારતમાં આ ફીચર લોન્ચ નહીં થાય

નવી દિલ્હી, તા.૨

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ વોટ્સએપ (WhatsApp) ટૂંક સમયમાં જ એક નવું યુઝરનેમ (Username) ફીચર લાવવા જઈ રહ્યું છે. આ ફીચરને લઈને યુઝર્સ મૂંઝવણમાં ન મુકાય તે માટે કંપનીએ એક FAQ (વારંવાર પૂછાતા પ્રશ્નો) જાહેર કરીને બધી સ્પષ્ટતાઓ કરી છે. જોકે, સુરક્ષાના કારણોસર ભારત સરકારે હાલમાં આ ફીચરના લોન્ચિંગ પર સંપૂર્ણ રોક લગાવી દીધી છે.

વોટ્સએપે સ્પષ્ટ કર્યું છે કે એપ પર યુઝરનેમ સેટ કરવું દરેક માટે ફરજિયાત નથી, પરંતુ તે તદ્દન વૈકલ્પિક (Optional) રહેશે. આ ફીચર પાછળનો મુખ્ય હેતુ યુઝર્સની પ્રાઈવસી વધારવાનો છે, જેથી કોઈને પોતાનો પર્સનલ ફોન નંબર આપ્યા વિના પણ માત્ર યુઝરનેમ દ્વારા ચેટ કરી શકાય.

યુઝર્સની પ્રાઈવસી અંગે સ્પષ્ટતા કરતા વોટ્સએપે જણાવ્યું છે કે, એપ પર કોઈ અજાણી વ્યક્તિનો ફોન નંબર સર્ચ નથી કરી શકાતો, તેવી જ રીતે કોઈનું યુઝરનેમ પણ સર્ચ કરી શકાશે નહીં. આ ઉપરાંત, અજાણ્યા નંબરો પરથી આવતા મેસેજ માટે યુઝર્સને એડવાન્સ ચેતવણી મળશે. તેમ છતાં જો કોઈ હેરાન કરે, તો અનિચ્છનીય મેસેજ રોકવા માટે બ્લોક અને રિપોર્ટ જેવા તમામ સુરક્ષા ફીચર્સ પહેલાની જેમ જ ચાલુ રહેશે. જો તમારું કોઈ યુઝરનેમ પહેલેથી જ ઈન્સ્ટાગ્રામ કે ફેસબુક પર હોય, તો વોટ્સએપ પર પણ એ જ નામ આપોઆપ તમારા માટે સાચવી રાખવામાં આવશે. કંપનીએ સ્પષ્ટ કર્યું છે કે સેલિબ્રિટી કે જાણીતી હસ્તીઓના નામ બીજા કોઈ ફેક એકાઉન્ટવાળા ચોરી નહીં શકે, માત્ર અસલી એકાઉન્ટવાળા જ પોતાના નામનું યુઝરનેમ રાખી શકશે.

આ ફીચર આ વર્ષના અંત સુધીમાં લોન્ચ થવાનું છે, પરંતુ ભારત સરકારે આ સુરક્ષા ફીચરના રોલ-આઉટ પર હાલ પૂરતી રોક લગાવી દીધી છે. સરકારે વોટ્સએપને આ ફીચર અંગે આગામી ૩ દિવસમાં સંપૂર્ણ માહિતી આપવા નિર્દેશ કર્યો છે. જ્યાં સુધી સરકાર સાથે આ અંગેની વાતચીત પૂરી ન થાય, ત્યાં સુધી વોટ્સએપ ભારતમાં આ ફીચર લોન્ચ કરી શકશે નહીં.

### ફાર્મા-ડિફેન્સ સેક્ટરમાં મહત્ત્વના કરાર

# મોદીએ જાપાનના પીએમને નાની બહેન કહીને આવકાર્યા

## જાપાનના વડાપ્રધાન સના તકાઈચી ભારતના પ્રવાસે છે, જ્યાં દિલ્હીના હૈદરાબાદ હાઉસમાં બેઠક યોજાઈ હતી

નવી દિલ્હી, તા.૨

ભારત અને જાપાન વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત અને ગાઢ બનાવવા માટે એક ઐતિહાસિક પગલું ભરવામાં આવ્યું છે. જાપાનના વડાપ્રધાન સના તકાઈચી હાલમાં ભારતના પ્રવાસે છે, જ્યાં બંને દેશોએ ફાર્માસ્યુટિકલ, સંરક્ષણ (ડિફેન્સ), ટેકનોલોજી અને આર્થિક રોકાણ સહિતના અનેક મહત્ત્વના ક્ષેત્રોમાં પરસ્પર સહયોગ વધારવા માટે સહમતી દર્શાવી છે. આ મુલાકાત દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાપાની પીએમ સના તકાઈચીને પોતાની "નાની બહેન" તરીકે સંબોધિત કરીને ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું અને જણાવ્યું હતું કે બંને દેશોની વ્યૂહાત્મક ભાગીદારી હવે એક નવા યુગમાં પ્રવેશી રહી છે.દિલ્હીના હૈદરાબાદ હાઉસ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જાપાનના પીએમ સના તકાઈચી વચ્ચે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. આ બેઠક દરમિયાન બંને દેશો વચ્ચે સંરક્ષણ સહયોગ, ફાર્માસ્યુટિકલ ક્ષેત્ર, સેમિકન્ડક્ટર, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), સપ્લાય ચેન, રોકાણ અને નવી ઉભરતી ટેકનોલોજી પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. બંને નેતાઓની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં બંને દેશોના પ્રતિનિધિઓએ વિવિધ ક્ષેત્રોમાં સહયોગ માટેના અનેક મહત્ત્વના મેમોરેન્ડમ ઓફ કોઓપરેશન (MoC) પર હસ્તાક્ષર કર્યા હતા.

બંને દેશોના નેતાઓએ સંયુક્ત પત્રકાર પરિષદને પણ સંબોધિત કરી હતી. આ દરમિયાન પીએમ મોદીએ ખુશી વ્યક્ત કરતા કહ્યું, "વડાપ્રધાન તકાઈચી, મારી નાની બહેન, બંને દેશોના પ્રતિનિધિઓ અને મીડિયાના મિત્રોનું હું હાર્દિક સ્વાગત કરું છું. ભારત-જાપાન વાર્ષિક શિખર સંમેલન માટે તેમની આ પ્રથમ ભારત મુલાકાતથી મને અત્યંત આનંદ થયો છે." પીએમ મોદીએ ઉમેર્યું કે સના તકાઈચી જાપાનના પ્રથમ મહિલા વડાપ્રધાન છે અને તેઓ એક દુરંદેશી નેતા છે. આ સાથે જ તેમણે જાપાનના નારા પ્રાંતનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે આ ક્ષેત્ર ભારત અને જાપાનના સહિયારા બૌદ્ધ વારસાનું એક મહત્ત્વપૂર્ણ કેન્દ્ર રહ્યું છે.વડાપ્રધાન મોદીએ તાજેતરમાં યોજાયેલી G7 શિખર સંમેલનની વાતને યાદ કરતા કહ્યું કે, વૈશ્વિક ઉથલપાથલના આ વર્તમાન દોરમાં પરસ્પર વિશ્વાસ જ આપણી સૌથી મોટી વ્યૂહાત્મક તાકાત છે. તેમણે ગર્વ સાથે જણાવ્યું કે ભારત-જાપાનની ભાગીદારી આ કસોટી પર સંપૂર્ણપણે ખરી ઉતરી છે. છેલ્લા કેટલાક દાયકાઓથી ઓટોમોબાઈલથી લઈને ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્ર સુધી જાપાન દેશે ભારતના વિકાસમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે અને પીએમ તકાઈચીની આ યાત્રાથી બંને દેશોના સંબંધોમાં એક નવું પ્રકરણ શરૂ થઈ રહ્યું છે.આ મહત્ત્વપૂર્ણ બેઠક દરમિયાન ભારત અને જાપાન બંને દેશોએ હિંદ-પ્રશાંત (ઈન્ડો-પેસિફિક) ક્ષેત્રમાં શાંતિ, સ્થિરતા અને નિયમ-આધારિત વ્યવસ્થાને વધુ મજબૂત કરવા માટે પોતાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. પીએમ મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ભારત અને જાપાન વચ્ચેનો આ સંબંધ માત્ર આર્થિક ભાગીદારી પૂરતો સીમિત નથી, પરંતુ તે પરસ્પર વિશ્વાસ, લોકશાહી મૂલ્યો અને સમાન હિતોના મજબૂત પાયા પર ટકેલો છે. આગામી વર્ષોમાં આ મજબૂત ભાગીદારી બંને દેશોના વિકાસની સાથે આખા ઈન્ડો-પેસિફિક ક્ષેત્રની સમૃદ્ધિમાં મહત્ત્વનો ભાગ ભજવશે.

### ૩૦ જુલાઈએ મતદાન

# ગુજરાતમાં વધુ એક બેઠક પર યોજાશે વિધાનસભાની પેટાચૂંટણી

વડોદરા, તા.૨

ગુજરાતમાં વધુ એક બેઠક પર વિધાનસભાની પેટાચૂંટણી યોજાવાની છે. કેન્દ્રીય ચૂંટણી પંચે આ માટે કાર્યક્રમ જાહેર કરી દીધો છે. વડોદરાની માંજલપુર વિધાનસભા સીટ પર પેટાચૂંટણી યોજાશે. નોંધનીય છે કે ધારાસભ્ય યોગેશ પટેલના નિધનને કારણે આ બેઠક ખાલી પડી હતી. માંજલવુર વિધાનસભા સીટ પર ૩૦ જુલાઈએ મતદાન થશે અને ૩ ઓગસ્ટે પરિણામ જાહેર થશે.રાજ્યમાં વડોદરાની માંજલપુર વિધાનસભા બેઠક પર પેટાચૂંટણી યોજાવાની છે. ૬ જુલાઈએ નોટિફિકેશન જાહેર થશે. જ્યારે ૧૩ જુલાઈ સુધી ઉમેદવારી પત્ર ભરી શકાશે. ૧૪ જુલાઈએ ફોર્મ ચકાસણી કરવામાં આવશે અને ૧૬ જુલાઈ ફોર્મ પરત ખેંચવાનો છેલ્લો દિવસ છે. ૩૦ જુલાઈએ મતદાન અને ૩ ઓગસ્ટે પરિણામ જાહેર થશે.માંજલપુર વિધાનસભાની પેટાચૂંટણીનો કાર્યક્રમ

૬ જુલાઈ એ નોટિફિકેશન જાહેર થશે

૧૩ જુલાઈ ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ ૧૪ જુલાઈએ ફોર્મ ચકાસણી

૧૬ જુલાઈ ફોર્મ પરત ખેંચવાનો અંતિમ દિવસ ૩૦ જુલાઈએ યોજાશે મતદાન

૩ ઓગસ્ટે ચૂંટણીનું પરિણામ - માંજલપુર વિધાનસભાની બેઠક પર લાંબા સમયથી ભારતીય જનતા પાર્ટીનો દબદબો રહ્યો છે. વરિષ્ઠ નેતા યોગેશ પટેલ આ બેઠકનું પ્રતિનિધિત્વ કરી રહ્યાં હતા. પરંતુ તેમના નિધનથી આ બેઠક ખાલી પડી હતી. યોગેશ પટેલ વડોદરાના દિગ્ગજ નેતા હતા. હવે ત્યાં પેટાચૂંટણી યોજાવાની છે. ચૂંટણી પંચ દ્વારા તારીખો જાહેર કરવાની સાથે વડોદરા શહેરમાં ચૂંટણી આચારસંહિતા લાગૂ થઈ ગઈ છે.

### શાહરૂખ ખાને માન્યો ICC ચેરમેન જય શાહનો આભાર

# લોસ એન્જલસ નાઈટ રાઈડર્સનું સ્ટેડિયમ માત્ર ૧૦૦ દિવસની અંદર બનીને તૈયાર

## બીજા ફેઝમાં ટ્રેનિંગ સેન્ટર અને પ્રેક્ટિસની જગ્યા બનાવાશે

મુંબઈ, તા.૨

શાહરૂખ ખાને પોતાના એક સપનાના પૂરા થવા પર ICC ચેરમેન જય શાહનો આભાર માન્યો છે. વાસ્તવમાં તેમની માલિકી હક વાળી ટીમ લોસ એન્જલસ નાઈટ રાઈડર્સનું સ્ટેડિયમ બનીને તૈયાર થઈ ગયું છે. આ લોસ એન્જલસના પોમોનામાં બન્યું છે, જેને માત્ર ૧૦૦ દિવસની અંદર બનાવીને તૈયાર કરી દેવામાં આવ્યું. તેને અમેરિકન ક્રિકેટ માટે મોટું અને સારું પગલું માનવામાં આવી રહ્યું છે. આ જ સ્ટેડિયમમાં ઓલિમ્પિકની મેચો પણ યોજાશે.શાહરૂખ ખાને સોશિયલ મીડિયા પર સ્ટેડિયમ તૈયાર થવાનો વીડિયો શેર કરતા કહ્યું કે આ એક સપનું હતું જે હવે હકીકતમાં બદલાઈ ચૂક્યું છે. તેમણે ખાસ કરીને જય શાહનો આભાર માન્યો, જેઓ અત્યારે ICC ના ચેરમેન પદ પર છે. તેમણે કહ્યું કે આ જગ્યા માત્ર એક રમતનું મેદાન નહીં પરંતુ મનોરંજન માટે પણ હશે અને અહીં લોકો પોતાની યાદો બનાવશે.શાહરૂખ ખાને એક્સ (X) પર લખ્યું, "જે એક સપનું હતું, તે આજે હકીકત બની ગયું છે. આપ સૌનું LA ના નાઈટ રાઈડર્સ ક્રિકેટ ગ્રાઉન્ડમાં સ્વાગત છે. આ જગ્યા માત્ર રમત માટે જ નહીં, પરંતુ મનોરંજન અને પરિવારો માટે પણ બનાવવામાં આવી છે અને એવી યાદો માટે જે હંમેશા સાથે રહેશે. જયભાઈનો ખાસ આભાર, જેઓ આ સફરમાં ખૂબ જ મદદગાર રહ્યા છે. સંજોગ ગુપ્તાનો પણ આભાર, જેમણે આટલો સહયોગ આપ્યો. આ LA માટે, દુનિયાભરના ક્રિકેટ ફેન્સ માટે અને નાઈટ રાઈડર્સ પરિવાર માટે છે. પર્પલ અને ગોલ્ડ પર ભરોસો રાખો. LA નાઈટ રાઈડર્સના હોમ ગ્રાઉન્ડમાં આપનું સ્વાગત છે."

આ સ્ટેડિયમ માત્ર ૧૦૦ દિવસમાં બનીને તૈયાર કરી દેવામાં આવ્યું, જેના માટે અંદાજે ૩૨ હજાર મેટ્રિક ટન માટી હટાવવામાં આવી હતી. અહીં અત્યારે કામ ચાલી રહ્યું છે, બીજા ફેઝમાં અહીં એક ટ્રેનિંગ સેન્ટર અને પ્રેક્ટિસની જગ્યા બનીને તૈયાર કરવામાં આવશે. ફેઝ ૩ માં તેને આખરી ઓપ આપવામાં આવશે.

### ફાર્મા કંપનીના ખર્ચે પેરિસ જવું ભારે પડ્યું

# સ્કીન સ્પેશિયાલિસ્ટ ગીતા પટેલ સહિત ત્રણ ડોક્ટર ૧૩ મહિના માટે સસ્પેન્ડ

## ફાર્મા કંપનીના ખર્ચે પેરિસમાં આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં ભાગ લેવા બદલ તેમને વ્યાવસાયિક ગેરરીતિના દોષિત ઠેરવાયા છે

ગાંધીનગર, તા.૨

ગુજરાત મેડિકલ કાઉન્સિલ દ્વારા તબીબી વ્યવસાયમાં નૈતિકતાનું ઉલ્લંઘન કરનાર ત્રણ નામી સ્કિન સ્પેશિયાલિસ્ટ ડોક્ટરો સામે અત્યંત કડક કાર્યવાહી કરવામાં આવી છે. ફાર્માસ્યુટિકલ કંપની પાસેથી આર્થિક લાભ અને વિદેશ પ્રવાસનો ખર્ચ સ્વીકારવો આ ત્રણ તબીબોને ભારે પડ્યો છે. કાઉન્સિલે ત્રણેય ડોક્ટરોને ૧૩ મહિના માટે સસ્પેન્ડ કરી તેમનું મેડિકલ રજિસ્ટ્રેશન રદ કરવાનો આદેશ આપ્યો છે.GMC દ્વારા શિસ્તભંગના કેસમાં જે ત્રણ તબીબો પર ગાજ પડી છે, તેમાં સુરત અને અમદાવાદના જાણીતા નામ ડો. જગદીશકુમાર સખિયા (ડર્મેટોલોજિસ્ટ, સુરત), ડો. અમી શાહ (સ્કિન સ્પેશિયાલિસ્ટ, સુરત) અને ડો. ગીતા પટેલ (સ્કિન સ્પેશિયાલિસ્ટ, અમદાવાદ)નો સમાવેશ થાય છે.આ વિશે મળતી માહિતી પ્રમાણે, ત્રણ નામી સ્કિન સ્પેશિયાલિસ્ટ ડોક્ટરો દ્વારા મેડિકલ એથિક્સના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૧૪ અને ૨૦૨૪ દરમિયાન પેરિસમાં આયોજિત એક આંતરરાષ્ટ્રીય મેડિકલ કોન્ફરન્સમાં ભાગ લેવા માટે આ તબીબો ગયા હતા. આ પ્રવાસ દરમિયાન તેમની એર ટિકિટ, લક્ઝુરિયસ હોટેલનું ભાડું અને ભોજન સહિતનો તમામ ખર્ચ 'એબ્બી હેલ્થકેર ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ' નામની ફાર્મા કંપની દ્વારા ઉઠાવવામાં આવ્યો હતો.મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા અને ગુજરાત મેડિકલ કાઉન્સિલના સ્પષ્ટ નિયમો છે કે કોઈ પણ રજિસ્ટર્ડ તબીબ ફાર્માસ્યુટિકલ કે બાયોટેક કંપનીઓ પાસેથી કોઈપણ પ્રકારની સ્પોન્સરશિપ, આર્થિક લાભ, ભેટ કે વિદેશ પ્રવાસની ટિકિટ સ્વીકારી શકે નહીં. સામાન્ય રીતે, ફાર્મા કંપનીઓ પોતાની દવાઓ કે પ્રોડક્ટ્સને પ્રોત્સાહન આપવા માટે તબીબોને આવી લાલચ આપતી હોય છે, જે વ્યાવસાયિક આચારસંહિતાની વિરુદ્ધ છે. દર્દીઓના હિતમાં તબીબો નિષ્પક્ષ રહે તે હેતુથી આ નિયમ બનાવવામાં આવ્યો છે.GMCના આ કડક નિર્ણયને પગલે આગામી ૧૩ મહિના સુધી આ ત્રણેય ડોક્ટરો માટે સ્થિતિ કપરી રહેશે. તેઓ આગામી ૧૩ મહિના સુધી દેશમાં ક્યાંય પણ તબીબી પ્રેક્ટિસ કરી શકશે નહીં. તેઓ પોતાના ક્લિનિક કે હોસ્પિટલ પર ડોક્ટર તરીકેનું નામ કે બોર્ડ લગાવી શકશે નહીં. સસ્પેન્શન દરમિયાન તેઓ તબીબી વ્યવસાય સંબંધિત કોઈ પણ કાનૂની અધિકારનો દાવો કરી શકશે નહીં.નોંધનીય છે કે, ૧૩ મહિનાનો આ ગાળો પૂર્ણ થયા બાદ નિયમોનું પાલન કરીને તેઓ ફરીથી કાઉન્સિલ સમક્ષ રજિસ્ટ્રેશન કરાવી પ્રેક્ટિસ શરૂ કરી શકશે. GMCની આ કાર્યવાહીથી તબીબી જગતમાં ફફડાટ ફેલાયો છે અને ફાર્મા કંપનીઓ સાથેના ડોક્ટરોના સંબંધો ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવ્યા છે.

### પેટ્રોલિયમ મંત્રીએ આપ્યો જવાબ

# ક્રૂડ ઓઇલ સસ્તું થયું તો શું પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટશે?

## જો ક્રૂડ ઓઈલના ભાવ સતત ઘટતા રહેશે તો આગળ તેના પર નિર્ણય લેવાશે: કેન્દ્રીય પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રી

નવી દિલ્હી, તા.૨

ઈરાન અને અમેરિકા વચ્ચે વધતા તણાવના કારણે છેલ્લા કેટલાય સમયમાં દુનિયાભરમાં ક્રૂડ ઓઈલના ભાવમાં ભારે ઉછાળો આવ્યો છે. તેની સીધી અસર ભારતમાં પણ પડી અને દેશમાં પેટ્રોલ-ડીઝલના ભાવ પણ વધી ગયા. જો કે ભારતમાં ભાવ એટલા નથી વધ્યા, જેટલા દુનિયાના બાકી દેશોમાં જોવા મળ્યા. હવે જ્યારે ક્રૂડ ઓઈલના ભાવ થોડા ઘટવા લાગ્યા છે, તો સામાન્ય લોકોના મનમાં એક જ સવાલ છે કે શું પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટશે? કેન્દ્રીય પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ તેના પર સ્થિતિ સ્પષ્ટ કરતા જણાવ્યું કે, જો ક્રૂડ ઓઈલના ભાવ સતત ઘટતા રહેશે તો આગળ તેના પર નિર્ણય લેવાશે.

તેમણે કહ્યું કે, ક્રૂડની ખરીદી ૨ મહિનામાં એડવાન્સમાં થાય છે. એટલે કે હાલના ક્રૂડ માટે ૨ મહિના પહેલા ઓર્ડર દેવાઈ ચૂક્યો છે. પેટ્રોલિયમ મંત્રીએ જણાવ્યું કે, વૈશ્વિક સંકટ છતાં ભારતે દેશમાં ઈંધણની સપ્લાયને રોકી નથી. તેમણે કહ્યું કે, યોગ્ય રણનીતિ અને સૂઝબૂઝના કારણે ભારત પાસે હંમેશા ક્રૂડ ઓઈલ, ડીઝલ અને એલપીજીનો પૂરતો સ્ટોર રહ્યો છે.

કંપનીઓને ભારે નુકસાનઃ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ વધવાથી દેશની સરકારી તેલ કંપનીઓને ભારે નુકસાન ઉઠાવવું પડ્યું છે. ૩૦ જૂન સુધીના આંકડા અનુસાર, પેટ્રોલ, ડીઝલ અને એલપીજી વેચનારી કંપનીઓને કુલ ૭૪,૭૮૧ કરોડ રૂપિયાની ખોટ ગઈ છે.

અંડર રિકવરીનો બોજઃ એપ્રિલથી જૂનના ક્વાર્ટર દરમ્યાન તેલ કંપનીઓની કુલ અંડર રિકવરી ૧.૮૮ લાખ કરોડ રૂપિયા રહી. તેમાં ગત વર્ષની એલપીજીની ખોટને પણ જોડી દઈએ તો, કંપનીઓને કુલ નુકસાન ૨.૧ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે.

જ્યારે હરદીપ સિંહ પૂરીને પૂછવામાં આવ્યું કે છૂટક બજારમાં પેટ્રોલ-ડીઝલના ભાવ ક્યારે ઓછા થશે, તો તેમણે તેની પાછળના ટેકનિકલ કારણ જણાવ્યા. તેમણે કહ્યું કે, હાલમાં દેશની રિફાઈનરીઓમાં જે ક્રૂડ ઓઈલ પ્રોસેસ થઈ રહ્યું છે, તે બે મહિના પહેલા બુક કર્યું હતું. તે સમયે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમત અને જહાજોના ભાડા ખૂબ વધારે હતા. એટલા માટે હાલમાં મોંઘું તેલ બજારમાં આવી રહ્યું છે. તેમણે વિશ્વાસ અપાવ્યો કે, જો ક્રૂડ ઓઈલના ભાવ ગ્લોબલ માર્કેટમાં આગળ પણ ઘટતા રહેશે તો આવનારા સમયમાં રાહત જોવા મળી શકે છે.

વૈશ્વિક ઉથલ-પાથલથી બચવા માટે ભારતે તેલ આયાતની પોતાની રીતમાં મોટો બદલાવ કર્યો છે. મંત્રીએ જણાવ્યું કે, ભારત હવે એ દેશો પાસેથી પણ તેલ અને એલપીજીના કાર્ગો મગાવી રહ્યું છે, જેની સાથે પહેલા ક્યારેય વેપાર નહોતો થતો. જેમ કે અમેરિકા, આ ઉપરાંત ભારતીય રિફાઈનરીઓ દરેક પ્રકારના ક્રૂડ ઓઈલની પ્રોસેસ કરવા માટે તૈયાર છે. આ જ કારણ છે કે જ્યારે વેનેઝુએલાથી રસ્તો ખુલ્યો, તો ભારતે ત્યાંથી પણ તેલ ખરીદવાનું શરુ કર્યું. તેમણે કહ્યું કે, કિંમત વધવાથી તેઓ ચિંતિત છે. પણ ભવિષ્ય માટે પોતાની સ્ટોરેજ ક્ષમતા અને દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરી રહ્યા છે.

### સમુદ્રી ચાંચિયાઓનો હુમલો નિષ્ફળ

# એડનની ખાડીમાં ભારતીય નેવીના માર્કોસ કમાન્ડોઝનું મોટું ઓપરેશન

## સમુદ્રી ચાંચિયાઓએ ભારતના કોમર્શિયલ જહાજ સ્ફ ગોલ્ડન આર્સ્નેનલ પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો

નવી દિલ્હી, તા.૨

એડનની ખાડીમાં ભારતીય નૌસેનાના માર્કોસ કમાન્ડોઝે સમુદ્રમાં મોટું ઓપરેશન પાર પાડીને સમુદ્રી ચાંચિયાઓનો હુમલો નિષ્ફળ બનાવ્યો છે. ભારતના કોમર્શિયલ જહાજ સ્ફ ગોલ્ડન પર આર્સ્નેનલ સમુદ્રી લૂંટારાઓએ હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો, જોકે આ દરમિયાન તાત્કાલીક ભારતીય યુદ્ધ જહાજ INS ત્રિકંદ આવી પહોંચતા ચાંચિયાઓના લૂંટના પ્રયાસને નિષ્ફળ બનાવી દીધો છે. જહાજ પર ભારતીય ક્રૂ મેમ્બર પણ હતો, જોકે નૌસેનાની કાર્યવાહીના કારણે જહાજ અને તેમાં સવાર તમામ લોકો સુરક્ષિત છે. રિપોર્ટ મુજબ જ્યારે જહાજ પર હુમલો કરવામાં આવ્યો ત્યારે ક્રૂ મેમ્બરે પોતાને એક રૂમમાં બંધ કરી દીધો હતો. ત્યારબાદ તેણે સેટેલાઈટ ફોનથી ભારતીય નૌસેનાને સમુદ્રી હુમલો થયો હોવાની માહિતી આપી હતી. ત્યારપછી INS ત્રિકંદ ઝડપથી ઘટનાસ્થળ તરફ રવાના થયું હતું. નૌસેના આવવાની ખબર મળતા જ ચાંચિયાઓ તુરંત જહાજ છોડીને ભાગી ગયા હતા. ક્રૂ મેમ્બરની સતર્કતા અને તેણે સમયસર આપેલી સૂચનાના કારણે ચાંચિયાઓના પેંતરો સંપૂર્ણ નિષ્ફળ ગયો હતો. ભારતીય નૌસેનાના વિશેષ મરીન કમાન્ડો માર્કોસે કોમર્શિયલ જહાજની સંપૂર્ણ તપાસ કરી હતી. કમાન્ડોએ જહાજ કોઈ સમુદ્ર લૂંટારો કે કોઈ ખતરો છે કે નહીં, તેની સંપૂર્ણ તપાસ કરી હતી. તમામ કાર્યવાહી બાદ જહાજને સંપૂર્ણ સુરક્ષિત જાહેર કરવામાં આવ્યું હતું. વેપારી જહાજો માટે એડનની ખાડી વિશ્વનો સૌથી વ્યસ્ત સમુદ્ર માર્ગ છે. અગાઉ પણ સમુદ્રી લૂંટારાઓના હુમલાની અનેક ઘટનાઓ બની ચુકી છે. ભારતીય કોમર્શિલ જહાજો પણ આ જ સમુદ્રી માર્ગનો ઉપયોગ કરીને સામાનની આયાત-નિકાસ કરતા રહે છે. આવી સ્થિતિમાં ભારતીય નૌસેના આ માર્ગ પર સતત દેખરેખ રાખે છે અને કોઈપણ ઈમરજન્સી સમયે તાત્કાલીક કાર્યવાહી કરે છે.

### ટીમ ઇન્ડિયાનો નવો સિક્સર કિંગ

# ઈંગ્લેન્ડમાં અભિષેક શર્માએ બનાવ્યા બે ઐતિહાસિક રેકોર્ડ

## ભારતીય ઓપનર અભિષેક શર્માએ ઇંગ્લેન્ડ સામેની પ્રથમ T20 મેચમાં ૨૦ બોલમાં અડધી સદી ફટકારી

લંડન, તા.૨

ભારતીય ક્રિકેટના યુવા ઓપનર અભિષેક શર્માએ ઈંગ્લેન્ડ સામેની પ્રથમ T20 મેચમાં માત્ર ૨૦ બોલમાં અડધી સદી ફટકારીને એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. આ તોફાની ઈનિંગ્સ સાથે જ ઈંગ્લેન્ડની ધરતી પર T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી ઝડપી ફિફટી ફટકારવાનો રેકોર્ડ હવે અભિષેકના નામે થઈ ગયો છે. ઈંગ્લેન્ડ સામેની આ પ્રથમ મેચમાં અભિષેકે માત્ર ૨૦ બોલમાં પોતાના ૫૦ રન પૂરા કર્યા હતા. આ મુકાબલામાં તેણે કુલ ૨૪ બોલ રમીને ૫૯ રન બનાવ્યા હતા, પરંતુ આઉટ થતાં પહેલાં તે કે.એલ. રાહુલનો એક મોટો રેકોર્ડ ધ્વસ્ત કરી ગયો હતો.અભિષેક શર્મા હવે ઈંગ્લેન્ડની ધરતી પર ભારત તરફથી સૌથી ઝડપી T20 અડધી સદી લગાવનાર બેટ્સમેન બની ગયો છે. આ અગાઉ આ રેકોર્ડ સ્ટાર બેટ્સમેન કે.એલ. રાહુલના નામે હતો, જેણે વર્ષ ૨૦૧૮માં માન્ચેસ્ટર ખાતે ઈંગ્લેન્ડ સામે ૨૭ બોલમાં અડધી સદી પૂરી કરી હતી. અભિષેકે પોતાની આ વિસ્ફોટક ઈનિંગ્સ દરમિયાન ૬ ચોગ્ગા અને ૪ ગગનચુંબી છગ્ગા ફટકાર્યા હતા.અભિષેક શર્મા માટે આ UK પ્રવાસ અત્યાર સુધી ઉતાર-ચઢાવવાળો રહ્યો છે. આયરલેન્ડ સામેની પ્રથમ મેચમાં તેણે તોફાની અંદાજમાં ૪૯ રન બનાવ્યા હતા, પરંતુ બીજી મેચમાં તે ખાતું ખોલાવ્યા વિના જ આઉટ થઈ ગયો હતો. જોકે, ઈંગ્લેન્ડ સામે કમબેક કરીને તેણે પોતાની T20 આંતરરાષ્ટ્રીય કરિયરની ૧૧મી અડધી સદી ફટકારી દીધી છે.

આ જ મેચ દરમિયાન અભિષેક શર્માએ આંતરરાષ્ટ્રીય T20 ક્રિકેટમાં સૌથી ઝડપી ૧૦૦ સિક્સર પૂરી કરવાનો નવો વર્લ્ડ રેકોર્ડ પણ પોતાના નામે કરી લીધો છે. અભિષેકે માત્ર ૭૮૫ બોલ રમીને સિક્સરની સેન્ચુરી પૂરી કરી છે. આ મામલે તેણે વેસ્ટ ઈન્ડિઝના વિસ્ફોટક બેટ્સમેન એવિન લુઈસનો રેકોર્ડ તોડ્યો છે, જેણે ૧૦૦ છગ્ગા પૂરા કરવા માટે ૭૮૯ બોલ રમ્યા હતા.

અભિષેક શર્મા T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ઈતિહાસમાં ૧૦૦૦ કરતા ઓછા બોલ રમીને ૧૦૦ છગ્ગા ફટકારનાર પ્રથમ ભારતીય ખેલાડી બન્યો છે. ભારતીય ખેલાડીઓની યાદીમાં બીજા સ્થાને સૂર્યકુમાર યાદવ છે, જેણે ૧૦૦૭ બોલમાં આ સિદ્ધિ મેળવી હતી.

| ક્રમ | ખેલાડીનું નામ | ૧૦૦ સિક્સર માટે રમેલા બોલ |
|---|---|---|
| ૧ | અભિષેક શર્મા (ભારત) | ૭૮૫ |
| ૨ | એવિન લુઈસ (વેસ્ટ ઈન્ડીઝ) | ૭૮૯ |
| ૩ | સૂર્યકુમાર યાદવ (ભારત) | ૧૦૦૭ |

### વસઈમાં ૨ કાર તણાઈ, ૫ દિવસ હાઇ એલર્ટ

# મહારાષ્ટ્રમાં મુશળધાર આફતઃ મુંબઈ-થાણે સહિતના વિસ્તારો જળબંબાકાર

## નવી મુંબઈના પનવેલમાં એક બિલ્ડિંગના ફ્લેટમાં બેડરૂમનો સ્લેબ તૂટી પડતાં ૪૫ વર્ષના પિતાનું મોત થયું છે, જ્યારે તેમની ૧૨ વર્ષની દીકરી ગંભીર રીતે ઘાયલ થઈ છે

મુંબઈ, તા.૨

મહારાષ્ટ્રમાં સતત થઈ રહેલા મુશળધાર વરસાદને કારણે મુંબઈ, ઠાણે, ભિવંડી અને વસઈ-વિરાર સહિતના વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. ભારે વરસાદને લીધે વાહનવ્યવહાર ખોરવાયો છે અને અનેક જગ્યાએ અકસ્માતોની ઘટનાઓ સામે આવી છે. હવામાન વિભાગે મુંબઈ અને આસપાસના જિલ્લાઓમાં આગામી ૫ દિવસ માટે ભારે વરસાદનું હાઈ ઍલર્ટ જાહેર કર્યું છે.ભિવંડીમાં રસ્તાના અધૂરા કામ અને ખાડાઓમાં પાણી ભરાવાને કારણે મુંબઈ-નાસિક હાઈવે પર ૭થી ૮ કિલોમીટર લાંબો ટ્રાફિક જામ થયો હતો. ટ્રક, બસ અને પ્રાઈવેટ વાહનો ૨થી ૩ કલાક સુધી જામમાં ફસાયેલા રહ્યા હતા. બીજી તરફ વરસાદ વચ્ચે ગુરુવારે બપોરે ૧:૫૪ વાગ્યે હાઈ ટાઈડ આવવાની હોવાથી મુંબઈના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની આશંકા વધી ગઈ છે.વસઈના વાઘરાલ પાડા વિસ્તારમાં પહાડી વિસ્તારમાંથી આવેલા પાણીના જોરદાર પ્રવાહમાં ૨ કાર તણાઈ ગઈ હતી, જેમાં ચાલકે કૂદીને જીવ બચાવ્યો હતો. નવી મુંબઈના પનવેલમાં એક બિલ્ડિંગના ફ્લેટમાં બેડરૂમનો સ્લેબ તૂટી પડતાં ૪૫ વર્ષના પિતાનું મોત થયું છે, જ્યારે તેમની ૧૨ વર્ષની દીકરી ગંભીર રીતે ઘાયલ થઈ છે.જોગેશ્વરી પશ્ચિમમાં એક મોટું ઝાડ રોડ પર પડતાં એક ટેમ્પો અને વીજળીનું મીટર બોક્સ તૂટી ગયું હતું. આ સિવાય ભિવંડીના ટેંભવલી-ખારબાવ રોડ પર શોર્ટ સર્કિટના કારણે હાઈ વોલ્ટેજ વીજ લાઈનનો તાર તૂટીને પાણી ભરેલા રોડ પર પડ્યો હતો, જોકે સદનસીબે મોટી જાનહાનિ ટળી હતી. જ્યારે ઉલ્હાનગરની જીજામાતા કોલોનીમાં ઘરોમાં કમર સુધીના પાણી ભરાઈ જતાં ભારે નુકસાન થયું છે.હવામાન વિભાગે મુંબઈ, ઠાણે, પાલઘર, રાયગઢ, રત્નાગિરી અને સિંધુદુર્ગ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. પ્રશાસને લોકોને સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલી પરિસ્થિતિને જોતાં બિનજરૂરી બહાર ન નીકળવા, પાણી ભરાયા હોય તેવા વિસ્તારોથી દૂર રહેવા અને વીજળીના થાંભલાઓથી સાવધ રહેવા અપીલ કરી છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ-મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઈ-મેઈલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

### ગુજરાતની શિક્ષણ વ્યવસ્થાની પોલ ખુલી!

# નવું શૈક્ષણિક સત્ર શરૂ થયાને એક મહિના બાદ પણ શાળાઓમાં શિક્ષકો નથી

## રાજ્યની અનેક ગ્રાન્ટેડ શાળાઓમાં હજુ પણ શિક્ષકોની ઘટ : વિદ્યાર્થીઓના શિક્ષણ કાર્ય પર આની ગંભીર અસર

ગાંધીનગર, તા.૨

નવું શૈક્ષણિક સત્ર શરૂ થયાને એક મહિનો વીતી ગયો હોવા છતાં, રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓમાં હજુ પણ શિક્ષકોની મોટી અછત વર્તાઈ રહી છે. ખાસ કરીને ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને અંગ્રેજી જેવા મહત્વના વિષયોના શિક્ષકો ન હોવાથી વિદ્યાર્થીઓનું ભણતર જોખમમાં મુકાયું છે. રાજ્યભરમાં આશરે ૬ હજાર જેટલી શિક્ષકોની જગ્યાઓ ખાલી છે. ઘણીવાર શિક્ષકોને દૂરના વિસ્તારોમાં બદલીના ઓર્ડર આપવામાં આવે છે, જેના કારણે તેઓ હાજર થવાનું ટાળે છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્ય શાળા સંચાલક મંડળે સરકારને તાત્કાલિક યોગ્ય પગલાં લેવા અને ખાલી જગ્યાઓ ભરવા માટે રજૂઆત કરી છે, જેથી વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં ન થાય.

શૈક્ષણિક વર્ષ શરૂ થયે એક મહિનો વીતી ગયો હોવા છતાં, રાજ્યની ઘણી ગ્રાન્ટેડ શાળાઓમાં પૂરતા પ્રમાણમાં શિક્ષકો નથી. ખાસ કરીને ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને અંગ્રેજી જેવા મહત્વના વિષયોના શિક્ષકો ન હોવાથી વિદ્યાર્થીઓની પાયાની તૈયારી પર માઠી અસર પડી રહી છે. સરકાર દ્વારા શિક્ષકોને દૂરના કે અંતરિયાળ વિસ્તારોમાં નિમણૂંકના ઓર્ડર આપવામાં આવે છે, જેના કારણે ઘણા શિક્ષકો ત્યાં હાજર થવાનું ટાળે છે. પરિણામે, જગ્યાઓ ખાલી રહે છે. સમગ્ર રાજ્યમાં અંદાજે ૬,૦૦૦ જેટલી શિક્ષકોની જગ્યાઓ ખાલી પડી છે, જે શિક્ષણ વ્યવસ્થાની ગંભીર સ્થિતિ દર્શાવે છે.

આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગુજરાત રાજ્ય શાળા સંચાલક મંડળે સરકાર સમક્ષ તાત્કાલિક પગલાં લેવા રજૂઆત કરી છે. મંડળના અધ્યક્ષ ભાસ્કર પટેલે આ અંગે સરકારને એક મહત્વપૂર્ણ માગણી કરી છે.ગુજરાત રાજ્ય શાળા સંચાલક મંડળના અધ્યકક્ષ ભાસ્કર પટેલ જણાવે છે કે શાળામાં શિક્ષકોની ગેરહાજરીને કારણે વિદ્યાર્થીઓના શિક્ષણનું નુકસાન થઈ રહ્યું છે. સરકાર આ સમસ્યા ઉકેલવા માટે અમને પ્રવાસી શિક્ષકોની પસંદગી કરવાની છૂટ આપે, જેથી વિદ્યાર્થીઓનું શૈક્ષણિક વર્ષ બગડે નહીં અને તાત્કાલિક ધોરણે શિક્ષણ કાર્ય ચાલુ થઈ શકે.

### ગુજરાત સરકારનો મોટો નિર્ણય

# ફોજદારી કેસોમાં આરોપી નિર્દોષ છૂટશે તો પોલીસ અધિકારીઓ અને સરકારી વકીલો સામે થશે તપાસ

## કેસોની સમીક્ષા માટે ચાર સભ્યોની સમિતિ રચાશે

ગાંધીનગર, તા.૨

ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ અને ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. હવે રાજ્યમાં ફોજદારી કેસોમાં આરોપીઓ નિર્દોષ છૂટવાના કિસ્સાઓમાં તપાસ કરનાર પોલીસ અધિકારીઓ અને પબ્લિક પ્રોસિક્યુટરની ભૂમિકાની સમીક્ષા કરવામાં આવશે. જો તપાસ કે પ્રોસિક્યુશનમાં બેદરકારી કે ક્ષતિ જોવા મળશે, તો જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. ગૃહ વિભાગ દ્વારા આ અંગે સત્તાવાર ઠરાવ બહાર પાડવામાં આવ્યો છે. આ નિર્ણયનો મુખ્ય હેતુ કેસોની તપાસમાં પારદર્શિતા લાવવાનો અને ન્યાય પ્રક્રિયામાં થતા વિલંબ કે ખામીઓને અટકાવવાનો છે. અગાઉ ઘણા ગંભીર કેસોમાં યોગ્ય પુરાવાના અભાવે અથવા તપાસની ખામીઓને કારણે આરોપીઓ નિર્દોષ છૂટી જતા હતા, જેનાથી ન્યાય પ્રક્રિયા પર સવાલ ઉઠતા હતા. હવે આ નવી વ્યવસ્થાથી તપાસ પ્રક્રિયા વધુ ગંભીરતાથી કરવામાં આવશે.આ મામલાની ગંભીરતાને જોતા દરેક કેસની ઝીણવટભરી સમીક્ષા કરવા માટે એક ચાર સભ્યોની સમિતિની રચના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સમિતિમાં ડિરેક્ટર ઓફ પ્રોસિક્યુશન, ડીજીપી - લો એન્ડ ઓર્ડર અને નાયબ સચિવ કક્ષાના બે ઉચ્ચ અધિકારીઓનો સમાવેશ કરવામાં આવશે. આ સમિતિ નિર્દોષ છૂટેલા કેસોની ફાઈલો તપાસશે અને એ નક્કી કરશે કે નિર્દોષ છૂટવા પાછળનું કારણ શું હતું. તપાસમાં કોઈ ખામી રહી ગઈ હતી. પબ્લિક પ્રોસિક્યુટર દ્વારા કોર્ટમાં યોગ્ય રીતે કેસ રજૂ કરવામાં આવ્યો હતો. પુરાવાઓ એકત્રિત કરવામાં બેદરકારી દાખવવામાં આવી હતી. આ તમામ સવાલો પર તપાસ થશે.જો સમિતિના તપાસ અહેવાલમાં એમ જણાશે કે તપાસ કે પ્રોસિક્યુશનમાં જાણીજોઈને કે બેદરકારીથી ભૂલ કરવામાં આવી છે, તો તેવા જવાબદાર અધિકારીઓ અને પ્રોસિક્યુટરો સામે કાયદાકીય અને વિભાગીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

### કોંગ્રેસનો વડાપ્રધાન મોદીને પત્ર

# અયોધ્યા રામ મંદિર દાન ચોરી કૌભાંડમાં સુપ્રીમ કોર્ટની દેખરેખમાં તપાસની માંગ

## કરોડો શ્રદ્ધાળુઓની આસ્થા સાથે વિશ્વાસઘાત : વેણુગોપાલ

અયોધ્યા, તા.૨

કોંગ્રેસે અયોધ્યા રામ મંદિરમાં દાન ચોરી મામલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. કોંગ્રેસના મહાસચિવ કે.સી.વેણુગોપાલે આજે વડાપ્રધાન મોદીને પત્ર લખ્યો છે, જેમાં તેમણે દાન ચોરીના મામલાની તપાસ સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ કરવાની માંગ કરી છે.વેણુગોપાલે પત્રમાં લખ્યું છે કે, રામ મંદિરમાં દાનની ચોરી થવાની ઘટનાએ આખા દેશને હચમચાવી નાખ્યો છે. કરોડો શ્રદ્ધાળુઓએ પોતાની મહેનતની કમાણી ભગવાન શ્રી રામના નામે દાન કરી હતી, પરંતુ આ આસ્થા સાથે વિશ્વાસઘાત થયો છે.તેમણે એવું પણ કહ્યું કે, સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ સાર્વજનિક ભૂમિ પર અયોધ્યા રામ મંદિરનું નિર્માણ કરાયું છે. મંદિરના સંચાલન માટે કેન્દ્ર સરકાર દ્વારા જાહેર ટ્રસ્ટની પણ રચના કરવામાં આવી છે. આવી સ્થિતિમાં મંદિર વહીવટીતંત્ર અને તેની સંપૂર્ણ જવાબદારી કેન્દ્ર સરકારના દાયરામાં આવે છે.કોંગ્રેસ મહાસચિવે આક્ષેપ કર્યો છે કે, કથિત ચોરીને લઈને અગાઉ અનેક વખત ચેતવણી આપવામાં આવી હતી, પરંતુ તેને નજરઅંદાજ કરવામાં આવી. તેમણે દાવો કર્યો છે, જવાબદાર લોકોએ જાણીજોઈને કોઈ કાર્યવાહી કરી નથી, જેના કારણે કરોડો રૂપિયાનો કથિત ગોટાળો કરવાની તક મળી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી (PM Narendra Modi)ને લખાયેલા પત્રમાં કોંગ્રેસે SIT દ્વારા થઈ રહેલી તપાસ પર પણ સવાલ ઉઠાવ્યા છે. વેણુગોપાલે કહ્યું કે, SIT દ્વારા અત્યાર સુધીમાં જે કાર્યવાહી કરવામાં આવી છે, તે આંખોમાં ધૂળ નાખવા જેવી છે. એવું લાગી રહ્યું છે કે, મોટા આરોપીઓને બચાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે.કોંગ્રેસે દાવો કર્યો છે કે, દાન ચોરીની ઘટના માત્ર નાણાંકીય ગેરરીતિનો મામલો જ નહીં, ધાર્મિક આસ્થાના રાજકીય અને આર્થિક ઉપયોગનો ગંભીર મુદ્દો છે. કોંગ્રેસે વડાપ્રધાનને માંગ કરી છે કે, દાન ચોરીની તપાસ સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ, તાત્કાલીક અને નિષ્પક્ષ થવી જોઈએ, જેથી સત્ય સામે આવે અને આરોપીઓ વિરુદ્ધ કાર્યવાહી થાય.

### મહેન્દ્રસિંહ ધોનીને પછાડ્યો

# જોસ બટલરનો મહા રેકોર્ડ : T20માં વિકેટકીપિંગનો રચ્યો ઇતિહાસ

## રિવરસાઇડ ગ્રાઉન્ડ પર વિકેટકીપર તરીકે ૧૦૦ શિકાર કરનાર તે ઇંગ્લેન્ડનો પ્રથમ અને વિશ્વનો બીજો વિકેટકીપર

લંડન, તા.૨

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે બુધવારે રિવરસાઈડ ગ્રાઉન્ડ પર રમાયેલી T20 સીરીઝની પ્રથમ મેચ ભલે વરસાદના કારણે રદ્દ થઈ ગઈ હોય, પરંતુ ઈંગ્લેન્ડના કેપ્ટન અને વિકેટકીપર જોસ બટલરે આ મેચ દરમિયાન એક ઐતિહાસિક ઉપલબ્ધિ પોતાના નામે કરી લીધી છે. જોસ બટલર T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વિકેટકીપર તરીકે ૧૦૦ શિકાર કરનારો દુનિયાનો માત્ર બીજો અને ઈંગ્લેન્ડનો પ્રથમ વિકેટકીપર બની ગયો છે.આ મુકાબલામાં માત્ર ભારતીય ટીમ જ બેટિંગ કરી શકી હતી, જેમાં શરૂઆતી નબળી શરૂઆત છતાં ભારતે ૭ વિકેટે ૧૮૯ રન બનાવ્યા હતા. જોકે, ત્યારબાદ સતત વરસાદ પડતાં ઈંગ્લેન્ડની ઈનિંગ શરૂ થઈ શકી નહોતી અને અમ્પાયર્સે મેચ રદ્દ કરવાનો નિર્ણય લીધો હતો.જોસ બટલરે આ ઐતિહાસિક સિદ્ધિ ઈનિંગ્સ દરમિયાન સ્પિનર આદિલ રશીદના બોલ પર ભારતીય ક્રિકેટર હર્ષિત રાણાને સ્ટમ્પ આઉટ કરીને મેળવી હતી. બટલર અગાઉ આ ફોર્મેટમાં ૧૦૦ શિકારનો આંકડો માત્ર દક્ષિણ આફ્રિકાનો ક્વિન્ટન ડી કોક જ પાર કરી શક્યો છે, જેના નામે ૧૧૭ ડિસમિસલ નોંધાયેલા છે.જોસ બટલરે વિકેટકીપિંગમાં તો કમાલ કર્યો, પરંતુ વરસાદના કારણે તેને બેટિંગ કરવાની તક મળી શકી નહીં. ૨૦ૈ ક્રિકેટમાં સૌથી વધુ શિકાર કરનારા વિકેટકીપર્સની યાદીમાં ભારતનો પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની ૯૧ ડિસમિસલ સાથે ત્રીજા સ્થાને છે, જ્યારે ઓસ્ટ્રેલિયાનો દિગ્ગજ એડમ ગિલક્રિસ્ટ ૧૭ ડિસમિસલ સાથે આ રેસમાં ઘણો પાછળ રહી ગયો છે.

### સૌથી વધુ સુરત જિલ્લામાં નોંધાયો

# રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૦૭ તાલુકાઓમાં વરસ્યો વરસાદ

## દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કેટલાક મધ્ય ગુજરાતના વિસ્તારોમાં ભારે વરસાદને કારણે નદીઓ-નાળા છલકાયા

ગાંધીનગર, તા.૨

રાજ્યભરમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન મેઘરાજાએ જોરદાર બેટિંગ કરતાં ૧૦૭ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો છે. દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કેટલાક મધ્ય ગુજરાતના વિસ્તારોમાં ભારે વરસાદને કારણે નદીઓ-નાળા છલકાયા છે અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ છે. હવામાન વિભાગના આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ વરસાદ સુરત જિલ્લાના પલસાણા તાલુકામાં ૮ ઈંચ નોંધાયો છે. જ્યારે બારડોલી અને ઉમરગામમાં પણ ૮-૮ ઈંચ વરસાદ વરસ્યો છે. સુરતના મહુવામાં ૭.૯૦ ઈંચ અને વાપીમાં ૭.૫૦ ઈંચ વરસાદ નોંધાયો છે. ઉપરાંત માળિયા હાટીનામાં ૭ ઈંચ વરસાદ વરસ્યો છે. અંબિકા વિસ્તારમાં ૬.૫૦ ઈંચ અને સુત્રાપાડામાં ૫.૪૦ ઈંચ વરસાદ નોંધાયો છે. કેશોદ, માંગરોળ અને ઉમરપાડામાં ૫-૫ ઈંચ વરસાદ વરસતા સ્થાનિક વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ જોવા મળી હતી. પારડી, ભેસાણ અને વાલોડમાં ૪-૪ ઈંચ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત વ્યારામાં ૪ ઈંચ, પાટણ-વેરાવળ અને લોધિકામાં સાડા ત્રણ ઈંચ વરસાદ વરસ્યો છે. સાગબારામાં પણ સાડા ત્રણ ઈંચ વરસાદ નોંધાયો છે. વલસાડ, ગણદેવી અને નવસારીમાં ૩-૩ ઈંચ વરસાદ નોંધાયો છે.

ખેરગામ અને ગોંડલમાં ૩ ઈંચ તેમજ વાસદામાં અઢી ઈંચ વરસાદ વરસ્યો છે. જલાલપોર, જૂનાગઢ તાલુકો અને જૂનાગઢ શહેરમાં પણ અઢી-અઢી ઈંચ વરસાદ નોંધાયો છે. જ્યારે ક્વાંટ, ચીખલી, ડોલવણ અને બગસરામાં ૨-૨ ઈંચ વરસાદ વરસ્યો છે. રાજ્યના કુલ સાત તાલુકાઓમાં ૬થી ૮ ઈંચ સુધીનો ભારે વરસાદ નોંધાયો છે, જ્યારે ૧૬ તાલુકાઓમાં ૩થી સાડા ૫ ઈંચ સુધી અને અન્ય અનેક તાલુકાઓમાં મધ્યમથી ભારે વરસાદ વરસ્યો છે.રાજ્યમાં વરસાદે જમાવટ કરી છે. સવારે ૮ વાગ્યાથી ૧૦ વાગ્યા દરમિયાન માત્ર બે કલાકમાં જ રાજ્યના ૩૩ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. અનેક વિસ્તારોમાં મધ્યમથી ભારે વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. હવામાન વિભાગના આંકડા મુજબ સવારે ૮થી ૧૦ વાગ્યા દરમિયાન માળિયા હાટિનામાં સૌથી વધુ ૨.૨૪ ઈંચ વરસાદ નોંધાયો છે. જ્યારે કેશોદ અને તાલાલામાં ૧.૪૨-૧.૪૨ ઈંચ વરસાદ વરસ્યો છે. ઓલપાડમાં ૧.૨૬ ઈંચ અને વાગરામાં ૧.૧૮ ઈંચ વરસાદ નોંધાયો છે. સૌરાષ્ટ્રના વંથલીમાં ૧.૦૨ ઈંચ વરસાદ વરસ્યો છે. જ્યારે કોડીનારમાં ૧૯ મીમી, હાંસોટમાં ૧૫ મીમી, બારડોલીમાં ૧૨ મીમી અને સૂત્રાપાડામાં ૧૧ મીમી વરસાદ નોંધાયો છે.

રાજ્યના વિવિધ જિલ્લાઓમાં વરસાદી ઝાપટાં ચાલુ રહેતા ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. બીજી તરફ કેટલાક વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યાઓ પણ સર્જાઈ છે. હવામાન વિભાગે આગામી કલાકોમાં પણ રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ યથાવત રહેવાની સંભાવના વ્યક્ત કરી છે.

# બાબરાનાં એએસઆઈ વયમર્યાદાથી નિવૃત્ત થતા વિદાય સમારોહ યોજાયો


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા પોલીસ સ્ટેશનમાં એએસઆઈ તરીકે લાંબા સમયથી નિષ્ઠાપૂર્વક ફરજ બજાવનાર બાબુભાઈ તેરૈયા વયમર્યાદાના કારણે નિવૃત્ત થતા તેમના સન્માનમાં પોલીસ સ્ટેશન ખાતે ભાવસભર વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ પીઆઈ આર.આર. પરમારના અધ્યક્ષસ્થાને યોજાયો હતો, જેમાં સ્થાનિક પીએસઆઈઓ, પોલીસ સ્ટાફ, વકીલ મિત્રો, વેપારી અગ્રણીઓ તેમજ આમંત્રિત મહાનુભાવોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. કાર્યક્રમ દરમિયાન નિવૃત્ત થતાં બાબુભાઈ તેરૈયાની ૨૯ વર્ષથી વધુની પોલીસ સેવાને યાદ કરી તેમના કર્તવ્યનિષ્ઠ, શિસ્તબદ્ધ અને જનમૈત્રીપૂર્ણ સ્વભાવની સેએ પ્રશંસા કરી હતી. ખાસ કરીને બાબરા પોલીસ સ્ટેશનમાં તેમણે લાંબા સમય સુધી બજાવેલી સેવાઓને યાદ કરી ઉપસ્થિત સૌ ભાવવિભોર બન્યા હતા. પોતાના પ્રતિભાવમાં બાબુભાઈ તેરૈયાએ પોલીસ વિભાગમાં વિતાવેલા સંસ્મરણો વાગોળતાં જણાવ્યું હતું કે પોલીસ પરિવાર તરફથી મળેલો સહકાર, અધિકારીઓનું માર્ગદર્શન અને જનતાનો પ્રેમ તેમના જીવનની અમૂલ્ય મૂડી સમાન છે. તેમણે સમગ્રસેવા દરમિયાન મળેલા સાથ–સહકાર બદલ સૌનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. પ્રસંગે પીઆઈ આર.આર. પરમાર સહિતના અધિકારીઓએ બાબુભાઈ તેરૈયાની નિષ્ઠાપૂર્વકની સેવા, પ્રામાણિકતા અને જવાબદારીપૂર્વકની કામગીરીને બિરદાવી હતી તેમજ નિવૃત્તિ બાદના જીવન માટે શુભકામનાઓ પાઠવી હતી. ઉપસ્થિત વકીલ મિત્રો અને સ્થાનિક વેપારી અગ્રણીઓએ પણ બાબુભાઈ સાથેના વર્ષો જૂના સંબંધો અને તેમના સૌજન્યપૂર્ણ વ્યવહારને યાદ કરી શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી. સમારંભના અંતે પોલીસ પરિવાર દ્વારા બાબુભાઈ તેરૈયાનું શાલ ઓઢાડી, ફૂલહાર, પુષ્પગુચ્છ અને સ્મૃતિચિહ્ન અર્પણ કરી ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ ભાવનાત્મક વાતાવરણ વચ્ચે સંપન્ન થયો હતો અને ઉપસ્થિત સેએ નિવૃત્ત બાબુભાઈ તેરૈયાને સુખમય, સ્વસ્થ અને આનંદમય નિવૃત્ત જીવન માટે શુભકામનાઓ પાઠવી હતી.

## પાના ૧ ઉપરનું ચાલું બાબરાના તાઈવદર ગામમાં

બનાવતી બાબત એ છે કે તાઈવદરથી બાબરા સુધી વિદ્યાર્થીઓ માટે નિયમિત એસ.ટી.બસની સુવિધા ઉપલબ્ધ નથી. જેના કારણે વિદ્યાર્થીઓને રોજિંદા છકડા રિક્ષા જેવા ખાનગી વાહનોમાં મુસાફરી કરવી પડે છે. આ ખર્ચ સામાન્ય પરિવારો માટે સતત ઉઠાવવો મુશ્કેલ બનતો હોવાથી અનેક વિદ્યાર્થીઓના ઉચ્ચ અભ્યાસના સપના અધૂરા રહી જાય છે.

ગ્રામ પંચાયતના સરપંચે જણાવ્યું હતું કે, ‘ શિક્ષણ દરેક બાળકનો મૂળભૂત અધિકાર છે. માત્ર આર્થિક સંજોગો અથવા પરિવહનની અછતને કારણે કોઈ વિદ્યાર્થી પોતાના ભવિષ્યથી વંચિત ન રહે.ગામમાં માધ્યમિક શાળા શરૂ કરવામાં આવશે તો તાઈવદર સહિત આસપાસના ગામોના વિદ્યાર્થીઓને પણ તેનો સીધો લાભ મળશે અને શિક્ષણનું પ્રમાણ વધશે’.

ગ્રામ પંચાયતે રાજય સરકાર અને શિક્ષણ વિભાગને આ માંગને ગંભીરતાથી લઈને તાઈવદર ગામમાં વહેલી તકે માધ્યમિક શાળા મંજૂર કરવાની અપીલ કરી છે, જેથી ગામના વિદ્યાર્થીઓનું શિક્ષણ અધવચ્ચે અટકી ન જાય અને તેઓ પોતાના ઉજજવળ ભવિષ્યના સપનાઓ સાકાર કરી શકે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૧૦ | ૧૮૧૧ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૫૧૦ | ૧૬૦૦ |
| ૩ | મગફળી | ૧૨૧૦ | ૧૩૪૦ |
| ૪ | તલ સફેદ | ૨૨૫૦ | ૨૪૦૦ |
| ૫ | તલ કાળા | ૩૧૫૦ | ૩૪૦૦ |
| ૬ | જીરૂ | ૩૩૦૦ | ૩૯૬૦ |
| ૭ | ચણા | ૧૧૧૦ | ૧૧૫૦ |
| ૮ | ઘઉં | ૪૮૦ | ૫૧૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ગીરનાર શીંગ | ૧૪૩૫ | ૧૪૬૦ |
| ૨ | શિંગ મોટી | ૧૦૧૦ | ૧૪૭૦ |
| ૩ | શિંગદાણા | ૧૫૫૦ | ૨૪૩૦ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૪૦૦ | ૧૭૪૫ |
| ૫ | તલ સફેદ | ૧૦૯૦ | ૨૬૪૫ |
| ૬ | તલ કાળા | ૨૨૦૦ | ૪૦૫૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૩૭૦ | ૨૩૮૫ |
| ૮ | બાજરો | ૩૨૫ | ૪૪૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૪૦ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૩૦ | ૫૩૦ |
| ૧૧ | મગ | ૧૪૨૦ | ૧૪૨૦ |
| ૧૨ | ચણા | ૯૯૫ | ૧૧૫૦ |
| ૧૩ | છોલે | ૧૩૨૦ | ૧૩૨૦ |
| ૧૪ | તુવેર | ૯૫૦ | ૧૪૪૦ |
| ૧૫ | કપાસ | ૯૪૦ | ૧૯૧૫ |
| ૧૬ | એરંડા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૧૭ | જીરૂ | ૨૩૩૦ | ૩૮૭૦ |
| ૧૮ | ધાણી | ૨૨૦૦ | ૨૮૨૫ |
| ૧૯ | અજમા | ૨૦૧૦ | ૨૦૧૦ |
| ૨૦ | મેથી | ૧૦૧૫ | ૧૩૯૦ |
| ૨૧ | સોયાબીન | ૯૨૫ | ૧૩૩૦ |
| ૨૨ | રજકાનું બી | ૮૭૫૦ | ૮૭૫૦ |
| ૨૩ | કલોંજી | ૩૦૯૫ | ૩૦૯૫ |

## પાના ૮ ઉપરનું ચાલું અંતે બાબરા પંથકમાં મેઘરાજાની

કરીયાણા રોડ, નાના બસ સ્ટેન્ડ, પોલીસ સ્ટેશન લાઈન સહિતના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં વાહનચાલકો અને રાહદારીઓને અવરજવરમાં મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. જો કે બાબરા નગરપાલિકાએ તાત્કાલિક કામગીરી હાથ ધરી પાણીના નિકાલ માટે વ્યવસ્થા કરતાં લોકોને રાહત મળી હતી.

તાલુકાના ચમારડી, ધરાઈ, વાવડી, ઘૂઘરાળા, કરીયાણા, ઉંટવડ, ચરખા, ગમા પીપળીયા, મોટા દેવળીયા, ગળકોટડી, જામ બરવાળા સહિતના તમામ ગ્રામ્ય વિસ્તારોમાં વાવણીલાયક સારો વરસાદ નોંધાયો હતો. અગાઉ કોરામાં વાવણી કરીને વરસાદની આતુરતાથી રાહ જોઈ રહેલા ખેડૂતો માટે આ વરસાદ આશીર્વાદ સમાન સાબિત થયો છે. કૃષિ ક્ષેત્ર માટે પણ આ વરસાદ લાભદાયી બનશે તેવી આશા વ્યકત કરવામાં આવી રહી છે.

શહેર અને સમગ્ર બાબરા પંથકમાં સારા વરસાદને પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી અને બાળકો, યુવાનો તેમજ વડીલો સહિત તમામ વર્ગના લોકોમાં આનંદ અને ઉત્સાહનું વાતાવરણ જોવા મળ્યું હતું. મેઘરાજાની આ સમયસરની મહેરથી સમગ્ર પંથકમાં ખુશીની લાગણી છવાઈ ગઈ છે.

## પાના ૧ ઉપરનું ચાલું સાયબર ફ્રોડનાં ગુન્હામાં

અમરેલીએલસીબીપોલીસ ઈન્સ્પેકટરસી.પી.વાઘેલાનામાર્ગદર્શન હેઠળ પેરોલ ફર્લો સ્કવોર્ડ ટીમને હ્યુમન ઈન્ટેલીજન્સતથાટેકનીકલસોર્સમારફતે હકીકતમળેલ કેઅમરેલીસીટી પોલીસ સ્ટેશનના બીએનએસની કલમ–૩૧૭(૨), ૩૧૭(૪), ૩૩૬(૩), ૩૩૮, ૩૪૦, ૫૪, આઈટી એકટ કલમ–૬૬(સી)નાગુન્હાનાકામેનાસતો ફરતો આરોપી શંકરભાઈ સોમાભાઈ ચૌધરી (રહે. ભાજણા, તા. ધાનેરા, જિ. બનાસકાંઠા) વાળો ધાનેરા ખાતે હોવાની હકીકતમળતા પેરોલટીમરાત્રીનાસમયે જ ધાનેરા ખાતે જઈ આરોપીને હસ્તગત કરી આગળની ઘટતી કાર્યવાહી કરવા સારૂ અમરેલી સિટી પોલીસ સ્ટેશનને સોંપી આપવા તજવીજ કરેલ છે.

ઝડપાયેલ આરોપીએ પોતાના નામના અલગ અલગ બેંક એકાઉન્ટોખોલાવીસાયબરમાફીયાઓને ભાડેથી આપેલ. જે પૈકી આઈસીઆઈસીઆઈ બેંક એકાઉન્ટમાં સાયબર ફ્રોડ લગત ટ્રાન્ઝેકશનો થયેલ હોય. જેમાંઆરોપીએઆર્થિકલાભમેળવીગુન્હોકરેલહતો. જેગુન્હામાંઆરોપીનું નામતપાસદરમિયાનખુલવાપામેલહતું. જેથી આ આરોપી નાસતો ફરતો હતો. જે બાબતે તપાસ કરનાર અધિકારીએ કોર્ટમાંથીઆઆરોપીનુંબીએનએસએસ કલમ–૭૨ મુજબનું વોરંટ મેળવેલ હતું.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૪૦૦ |
| ૨ | શીંગ દાણા | ૧૫૦૦ | ૧૯૭૦ |
| ૩ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૫૧ |
| ૪ | તલ કાળા | ૨૯૫૦ | ૩૭૫૦ |
| ૫ | જીરૂ | ૩૫૦૦ | ૪૧૦૦ |
| ૬ | કપાસ | ૧૬૦૦ | ૧૯૦૧ |
| ૭ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૨૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૫૦ |
| ૯ | બાજરો | ૪૦૦ | ૫૨૦ |
| ૧૦ | જુવાર | ૫૪૪ | ૧૦૯૨ |
| ૧૧ | મગ | ૧૩૫૦ | ૧૬૫૦ |
| ૧૨ | અડદ | ૧૫૦૦ | ૧૬૮૦ |
| ૧૩ | ચણા | ૧૧૦૦ | ૧૧૫૫ |
| ૧૪ | તુવેર | ૧૨૦૦ | ૧૩૮૦ |
| ૧૫ | એરંડી | ૧૨૦૦ | ૧૩૫૦ |
| ૧૬ | મેથી | ૯૫૦ | ૧૨૫૫ |
| ૧૮ | ધાણા | – | ૨૮૦૦ |
| ૧૮ | સોયાબીન | ૧૦૦૦ | ૧૩૩૮ |

## પાના ૧ ઉપરનું ચાલું બગસરામાં પીજીવીસીએલની

પહોંચી જયારે માસૂમ બાળકોના જીવ પણ જોખમમાં મુકાયા હતા. બગસરાની સ્થાનિક સરકારી કન્યા પ્રાથમિક શાળાની બિલકુલ બાજુમાં આવેલા વીજ ટ્રાન્સફોર્મરમાં વરસાદને કારણે સતત ભયાનક ધડાકાઓ શરૂ થયા હતા, જેના કારણે શાળાના માસૂમ બાળકો સતત બે થી અઢી કલાક સુધી ડર અને ભયના ઓથાર હેઠળ સમય પસાર કરવા મજબૂર બન્યા હતા. આ ગંભીર ઘટના અંગે સ્થાનિકો અને શાળા પ્રશાસન દ્વારા તાત્કાલિક પીજીવીસીએલ કચેરીએ તેમજ કોલ સેન્ટરમાં ફરિયાદ નોંધાવવામાં આવી હોવા છતાં, સ્થાનિક નિંભર તંત્રના પેટનું પાણી હલ્યું નહોતું અને કલાકો સુધી કોઈ જ કાર્યવાહી કરવામાં આવી ન હતી. આ આખી ઘટનામાં સૌથી વધુ આઘાતજનક અને શરમજનક બાબત એ છે કે, વીજ રિપેરિંગ અથવા લાઈન બંધ કરવા જેવા સ્થાનિક કક્ષાના સામાન્ય મુદ્દા માટે પણ છેક રાજયના મુખ્યમંત્રીના કાર્યાલયે (સીએમઓ) દખલગીરી કરવી પડી હતી.

જયારે આ સંવેદનશીલ બાબત રાજયના મુખ્યમંત્રીના ધ્યાને આવી, ત્યારે મુદ્દાની ગંભીરતાને ધ્યાને લઈ મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા તાત્કાલિક કન્યાશાળા પાસેનો વીજ પ્રવાહ બંધ કરાવી તાકીદે રિપેરિંગ કરવા તેમજ ભૂતકાળની રજૂઆતોને ધ્યાને લઈ ત્યાં આવેલા ચાર વીજ ટ્રાન્સફોર્મરોને સત્વરે ત્યાંથી દૂર કરવા કડક ટેલિફોનિક સૂચનાઓ આપી હતી. ગાંધીનગરથી ચામુક વિંઝાતા જ અત્યાર સુધી કુંભકર્ણની નિદ્રામાં પોઢેલું સ્થાનિક તંત્ર અચાનક સળવળ્યું હતું અને યુદ્ધના ધોરણે કામગીરી કરવા દોડતું થયું હતું. એક તરફ રાજયના મુખ્યમંત્રી આવી નાની અને ગંભીર બાબતો પ્રત્યે અત્યંત કાળજી રાખે છે અને જનતાની સમસ્યાઓ પર ત્વરિત એકશન લેવા માટે જાણીતા છે, ત્યારે બીજી તરફ બગસરાનું સ્થાનિક પીજીવીસીએલ તંત્ર બાળકોના જીવના જોખમ સામે પણ ઘોર બેદરકારી દાખવી રહ્યું હતું. સવાલ એ થાય છે કે શું સ્થાનિક કક્ષાના અધિકારીઓ એટલા નકામા થઈ ગયા છે કે જયાં સુધી ગાંધીનગરથી હુકમ ન છૂટે ત્યાં સુધી માસૂમ બાળકોના જીવ બચાવવા માટે પણ લાઈન બંધ કરવાની તસ્દી લેતા નથી ? સ્થાનિક રહીશોમાં એ ચર્ચા જોર પકડી રહી છે કે, જો મુખ્યમંત્રી કાર્યાલયે સમયસર હસ્તક્ષેપ ન કર્યો હોત અને કોઈ મોટી દુર્ઘટના ઘટી હોત તો તેનો જવાબદાર કોણ હોત ? લોકોમાં વ્યાપેલા ભારે રોષ વચ્ચે હવે માસૂમ બાળકોના જીવ જોખમમાં મૂકનારા અને ફરજમાં આવી ઘોર બેદરકારી દાખવનારા બગસરા પીજીવીસીએલના જવાબદાર અધિકારીઓ સામે કડક શિક્ષાત્મક પગલાં લેવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠી રહી છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૪૩૯ | ૪૬૬ |
| ૨ | તુવેર | ૧૦૦૦ | ૧૩૯૫ |
| ૩ | ધાણા | ૩૦૦૦ | ૩૦૦૦ |
| ૪ | મગ | ૧૫૫૦ | ૧૫૫૦ |
| ૫ | શીંગ ફાડા | ૧૫૭૦ | ૧૬૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૧૧ |
| ૨ | જુવાર | ૫૦૦ | ૫૦૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૪૯૫ |
| ૪ | તુવેર | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ૫ | ચણા | ૧૦૩૦ | ૧૦૭૦ |
| ૬ | મકાઈ | ૫૫૫ | ૫૫૫ |
| ૭ | ધાણા | ૨૬૧૦ | ૨૬૧૦ |
| ૮ | શીંગદાણા | ૧૫૭૫ | ૧૬૦૦ |
| ૯ | સોયાબીન | ૮૦૦ | ૧૪૦૦ |
| ૧૦ | તલ સફેદ | ૨૪૩૦ | ૨૪૩૦ |

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં અવિરત મેઘસવારીથી

લાંબા સમયથી ગરમી અને બફારાથી ત્રસ્ત લોકોને વરસાદથી રાહત મળી છે. સતત વરસાદી માહોલને કારણે ખેડૂતોમાં પણ આનંદ જોવા મળી રહ્યો છે.

બાબરા પંથકમાં સતત બીજા દિવસે મેઘમહેર યથાવત રહી હતી. બાબરા શહેર ઉપરાંત દરેડ, ખાખરીયા, જામબરવાળા, ગળકોટડી, કરિયાણા, લુણકી અને ઈંગોરાળા સહિતના ગામોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. શહેરની બજારોમાં વરસાદી પાણી વહેતા થતાં ચોમાસાનો માહોલ સર્જાયો હતો.

લાઠી શહેરમાં બપોર બાદ ધીમીધારે વરસાદ શરૂ થયો હતો. તાલુકાના ભુરખિયા, ધામેલ, મેમદા અને હજીરાધાર ગામોમાં અનરાધાર વરસાદ વરસતાં સ્થાનિક નદીઓમાં નવા નીર આવ્યા હતા. મેમદા ગામનો સ્થાનિક ડેમ પણ છલકાયો હતો, જેને કારણે ખેડૂતોમાં ખુશીની લાગણી વધુ પ્રબળ બની હતી.

વડીયા પંથકમાં પણ મેઘરાજા મહેરબાન રહ્યા હતા. વડીયા શહેર ઉપરાંત ઢૂંઢિયા પીપળીયા, બરવાળા બાવળ, દેવળકી અને હનુમાન ખીજડીયા ગામોમાં ધોધમાર વરસાદ નોંધાયો હતો. વડીયામાં ૪૫ મીમી, બરવાળા બાવળમાં ૫૦ મીમી, ઢૂંઢિયા પીપળીયામાં ૪૨ મીમી અને દેવળકીમાં ૨૭ મીમી વરસાદ નોંધાતા ખેડૂતોમાં ખુશી છવાઈ ગઈ હતી.

અમરેલી શહેરમાં પણ બપોર બાદ ધીમીધારે વરસાદ શરૂ થયો હતો. રાજકમલ ચોક, ભીડભંજન, લાઠી રોડ, સ્ટેશન રોડ સહિત શહેરના વિવિધ વિસ્તારોમાં વરસાદ વરસતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી અને લોકોને ગરમીમાંથી રાહત મળી હતી.

લીલીયા પંથકમાં પણ વરસાદી માહોલ જામ્યો હતો. લીલીયા શહેર ઉપરાંત એકલેરા, સનાલીયા, કુતાણા, ખારા અને પુંજાપાદર ગામોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. વરસાદના કારણે નાવલી નદીમાં હળવું પૂર આવ્યું હતું.

બગસરા પંથકમાં પણ મેઘસવારી પહોંચી હતી. પીઠડીયા, જૂના વાઘણીયા, નવા વાઘણીયા, ખારી, હડાળા અને મુંજયાસર ગામોમાં વરસાદ વરસતાં અસહ્ય ઉકળાટમાંથી લોકોને રાહત મળી હતી.

ધારી ગીર પંથકમાં પણ વરસાદી માહોલ સર્જાયો હતો. ધારી શહેર ઉપરાંત ડાંગાવદર, મોણવેલ, ભાડેર, માલસીકા અને કાથરોટા સહિતના ગામોમાં વરસાદ વરસ્યો હતો. ભારે ઉકળાટ બાદ વરસાદ શરૂ થતાં સમગ્ર વિસ્તારમાં ઠંડક પ્રસરી ગઈ હતી.

જિલ્લાના સાવરકુંડલા, બાબરા, લાઠી, વડીયા, લીલીયા, અમરેલી, બગસરા અને ધારી સહિતના મોટાભાગના તાલુકાઓમાં વરસાદનું આગમન થતાં ચોમાસાએ હવે જિલ્લામાં જમાવટ શરૂ કરી હોવાનું ચિત્ર સ્પષ્ટ બન્યું છે. ખાસ કરીને ખેડૂતો માટે આ વરસાદ આશીર્વાદરૂપ સાબિત થતાં ખેતીકાર્યને નવી આશા મળી છે.

અમરેલી જિલ્લામાં ફલ્ડ કંટ્રોલ રૂમમાં આજે સવારે ૬ વાગ્યાથી રાત્રીના ૮ વાગ્યા દરમિયાન કુંકાવાવ–વડિયા ૬૬ મી.મી., બાબરા ૧૦મી.મી., લાઠી ૧૫ મી.મી., લીલીયા ૪૫ મી.મી., અમરેલી ૬ મી.મી., બગસરા ૨૪ મી.મી., ધારી ૮ મી.મી., સાવરકુંડલા ૨ મી.મી., જાફરાબાદ ૧૬ મી.મી. તથા રાજુલામાં ૪ મી.મી. વરસાદ નોંધાયો છે.

‘‘અમરેલી એક્સપ્રેસ’’
અમરેલી શહેરમાં આપને ‘‘અમરેલી એક્સપ્રેસ’’ દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૦૦ | ૧૨૫૧ |
| ૨ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૫૧૨ |
| ૩ | તલ કાળા | ૩૧૫૧ | ૩૧૯૦ |
| ૪ | કપાસ | ૧૨૩૦ | ૧૭૫૦ |
| ૫ | બાજરો | ૪૪૬ | ૫૧૬ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૧૧ | ૫૧૨ |
| ૭ | જુવાર | ૭૯૦ | ૧૧૮૦ |
| ૮ | મગ | ૧૬૫૧ | ૧૬૮૧ |
| ૯ | ચણા | ૬૩૦ | ૧૦૭૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૬૫૦ | ૧૯૦૦ |

# અમરેલી : બ્રહ્માકુમારીઝ દ્વારા ‘‘રાષ્ટ્રીય ડોકટર ડે’’ નિમિત્તે ગણમાન્ય ૩૦ ડોકટરોનું સન્માન



બ્રહ્માકુમારીઝ અમરેલી સેવા કેન્દ્ર ધ્વારા અમરેલી અને જેસીંગપરા ખાતે હોસ્પીટલ ચલાવી રહેલ ગણ માન્ય ૩૦ ડોકટરોનું રાષ્ટ્રિય ડોકટર ડે નિમિતે બ્રહ્માકુમારી કિંજલબેન બ.કુ. ખુશીબેને તમામ ડોકટરોને ચંદનનું શીતલ તિલક કરી ખુશીનો ખેસ પહેરાવી પરમાત્માના વરદાન અને શાંતિનો સંદેશો તેમજ પ્રભુપ્રશાદ અર્પણ કરી સન્માનિત કરવામાં આવેલ જેમા ડો. ચિરાગ અને ઉપાસના કુબાવત, ડો. ઉપાધ્યાય, ડો. વિરલ અને મીના ગોયાણી, ડો. અકિત અને દેવકી મોગા,ા. પ્રજાપતિ અને જુહી ઠાકર ડો. રાજેશ અને બિનલ પરવાડીયા, ડો.વિરેન્દ્ર અને શિવેન્દ્ર ડો. શિંગાળા, ડો. ઘેલાણી, ડો. કચ્છી અને ભુવા આ પ્રસંગે ડોકટરોને દવા દુઆ અને દયાનો જીવનમૂલ્યસભર સંદેશો આપેલ મેડિટેશન બેસ્ટ મેડીસીન છે. આજના તણાવભર્યા જીવનમાં દર્દીઓની સાથે ડોકટરો માટે પણ માનસિક શાંતિ અને આંતરિક શકિત જાળવવા રાજયોગ મેડિટેશન ખૂબ જ ઉપયોગી છે જે સંસ્થા ધ્વારા વિનામૂલ્યે આપના સમયની અનુકુળતા મુજબ આપવામાં આવે છે. તેમ ફિલ્ડ રીપોટર બ્ર.કુ આઈ.પી. બારડની યાદી જણાવે છે.

### નિષ્ઠા, પ્રમાણીકતા અને સમર્પણની સેવાયાત્રાને લાગણીસભર વિદાય

# અમરેલી જિલ્લા માહિતી કચેરીનાં કર્મચારીઓ ભુપતભાઈ પાથર અને મનસુખભાઈ રાઠોડ વયમર્યાદાથી નિવૃત

### ઊર્જા રાજયમંત્રી વેકરિયા, સાંસદ સુતરીયા પણ ઉપસ્થિત રહ્યા



અમરેલી, તા. ૨

આજરોજ અમરેલી સ્થિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ખાતે જિલ્લા માહિતી કચેરી, અમરેલીના કર્મયોગી ભૂપતભાઈ પાથર અને મનસુખભાઈ રાઠોડના વયનિવૃત્તિ સમારોહ નિમિત્તે કાયદો અને ન્યાય, ઊર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં લાગણીસભર વિદાયમાન સમારોહ યોજાયો હતો. પાથર પરિવાર અને રાઠોડ પરિવાર દ્વારા આયોજિત આ સમારોહમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, મહુવાના પૂજારી પૂ. સંત ગુણાતીત જીવન સ્વામીજી, અમરેલી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર કોઠારી સંત સાધુચરિતદાસ સ્વામીજી અને સાંસદ ભરતભાઈ સુતરીયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, માહિતી ખાતામાં વિવિધ જિલ્લાઓ ખાતે ભૂપતભાઈ પાથરે ફિલ્મ ઓપરેટર તરીકે સતત ૩૪ વર્ષ સુધી પોતાની સેવાઓ આપી હતી, જયારે મનસુખભાઈ રાઠોડે સેવક તરીકે ૩૩ વર્ષ સુધી નિષ્ઠા અને પ્રામાણિકતા સાથે પોતાની ફરજો નિભાવી હતી. બંને કર્મયોગીઓની ઉજ્જવળ સેવાયાત્રાને બિરદાવતા સૌએ તેમના કાર્ય પ્રત્યેના સમર્પણને યાદ કર્યુ હતું.

આ પ્રસંગે રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, માહિતી વિભાગના કર્મચારીઓને મેં ખૂબ નજીકથી કામગીરી કરતાં જોયા છે, છેલ્લા ૪ વર્ષથી હું પણ તેનો સાક્ષી રહ્યો છુ. વહેલી સવાર હોય કે મોડી રાત્રિ, કોઈપણ સરકારી કાર્યક્રમમાં માહિતી વિભાગની ટીમ પોતાની ફરજ કયારેય ચૂકતી નથી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સરકારી કર્મચારીઓ માટે 'કર્મયોગી' જેવો ગૌરવપૂર્ણ શબ્દપ્રયોગ કર્યો છે. ભૂપતભાઈ પાથર તથા મનસુખભાઈ રાઠોડે પોતાની નિષ્ઠા, પ્રામાણિકતા અને સમર્પિત સેવાથી આ શબ્દની ગરિમા જાળવી રાખી છે. તેમણે જણાવ્યું કે, "નિવૃત્તિ કાર્યનો અંત નહીં, પરંતુ જીવનની નવી અને સુંદર શરૂઆત છે." મંત્રીએ બંને કર્મયોગીઓને ઉજ્જવળ, સ્વસ્થ અને સુખમય નિવૃત્ત જીવન માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

સાંસદ ભરતભાઈ સુતરીયાએ જણાવ્યું હતું કે, માહિતી વિભાગ સરકાર અને જનતા વચ્ચે સેતુરૂપે કાર્ય કરે છે. આપત્તિની પરિસ્થિતિ હોય કે સરકારની વિવિધ યોજનાઓ અને કાર્યક્રમોની માહિતી જનજન સુધી પહોંચાડવાની જવાબદારી હોય, માહિતી ખાતું સતત કાર્યરત રહે છે. તેમણે બંને કર્મયોગીઓની દીર્ઘ અને સમર્પિત સેવાઓને બિરદાવી વયનિવૃત્તિ બદલ શુભેચ્છાઓ પાઠવી હતી.

રાજકોટ અને જૂનાગઢ પ્રાદેશિક કચેરીના સંયુક્ત માહિતી નિયામક મિતેષ મોડાસિયાએ બંને કર્મયોગીઓની કામગીરીને બિરદાવતાં જણાવ્યું કે, વડાપ્રધાન અને મુખ્યમંત્રીના કાર્યક્રમો દરમિયાન માહિતી વિભાગ અત્યંત જવાબદારીપૂર્વક કામગીરી કરે છે. મોટા કાર્યક્રમોમાં ભૂપતભાઈ પાથરને જયારે પણ જવાબદારી સોંપવામાં આવતી ત્યારે તેઓ ઉત્સાહપૂર્વક કામગીરી સંભાળી લેતા અને કોઈપણ પડકારજનક પરિસ્થિતિમાં પોતાના અનુભવના આધારે યોગ્ય માર્ગ કાઢીને સફળતાપૂર્વક કામગીરી પૂર્ણ કરતા. તેમણે બંને કર્મયોગીઓને વયનિવૃત્તિ બદલ હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

વિદાય સમારોહ દરમિયાન પૂર્વ સંયુકત માહિતી નિયામક નટુભાઈ પરમાર, રાજકોટ માહિતી કચેરીના નાયબ માહિતી નિયામક પ્રશાંત ત્રિવેદી, પૂર્વ નાયબ માહિતી નિયામક નિરાલા જોષી તથા પૂર્વ સહાયક માહિતી નિયામક જગદીશભાઈ સત્યદેવે પણ ભૂપતભાઈ પાથર સાથેની કામગીરીના સંસ્મરણો વાગોળ્યાં હતા. તેમણે બંને કર્મયોગીઓની નિષ્ઠા, સમયપાલન, કાર્યકુશળતા અને સહકારની ભાવનાને બિરદાવી નિવૃત્ત જીવન માટે શુભકામનાઓ પાઠવી હતી.

આ પ્રસંગે લાંબા સમય સુધી નિષ્ઠા, પ્રામાણિકતા અને સમર્પણના ભાવથી સરકારી સેવા આપનાર બંને કર્મયોગીઓને મહાનુભાવો, સહકર્મીઓ, પત્રકારો તથા સ્વજનો દ્વારા શાલ અર્પણ કરીને તેમનું બહુમાન કરવામાં આવ્યું હતુ, સાથે વયનિવૃત્તિની શુભેચ્છાઓ પણ પાઠવવામાં આવી હતી.

આ વિદાયમાન કાર્યક્રમમાં પ્રાસંગિક શાબ્દિક સ્વાગત-ઉદબોધન જિલ્લા માહિતી કચેરીના માહિતી મદદનીશ જય મિશ્રાએ કર્યુ હતુ. માહિતી મદદનીશ ધર્મેશ વાળાએ વયનિવૃત્ત થતાં કર્મયોગી ભૂપતભાઈ પાથર અને મનસુખભાઈ રાઠોડ સાથેની સહકર્મી તરીકેની કામગીરીના અનુભવો જણાવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અમરેલી જિલ્લા માહિતી કચેરીના પૂર્વ કર્મયોગી મુકેશભાઈ ભટ્ટે કર્યુ હતુ. જયારે અમરેલી જિલ્લા માહિતી કચેરીના સિનિયર સબ એડિટર રોહિતભાઈ ઉસદડે આભારવિધિ કરી હતી.

## સા.કુંડલા નગરપાલિકા પ્રમુખ નયનાબેન કાપડિયાનો સન્માન સમારોહ યોજાયો



સાવરકુંડલા, તા.૨

સા.કુંડલાની નગરપાલિકાના નવનિર્વાચિત પ્રમુખ નયનાબેન કાપડિયાનો ભવ્ય સન્માન સમારોહ યોજાયો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના કાર્યકારી આચાર્ય તમામ આમંત્રિતોનું ગરિમાપૂર્ણ સ્વાગત કર્યુ હતું. આ પ્રસંગે મંડળના મેનેજિંગ ટ્રસ્ટીએ પ્રાસંગિક આશીર્વચન પાઠવ્યા હતા. જયારે નગરપાલિકાના દંડક અરવિંદનભાઈ મેવાડાએ આગામી સમયમાં હાથ ધરાનાર વિકાસલક્ષી યોજનાઓની રૂપરેખા આપી હતી. સન્માનિત પ્રમુખ નયનાબેન કાપડિયાએ પણ પોતાના હૃદયપૂર્વકના પ્રતિભાવો રજુ કર્યા હતા.

આ સમારોહમાં ઉપપ્રમુખ નૂતનબેન તન્ના, કારોબારી ચેરમેન જીગ્નેશભાઈ ટાંક, પક્ષના નેતા દિનેશભાઈ રાઠોડ, અગ્રણી અતુલભાઈ કાપડિયા, પરાગભાઈ તન્ના તેમજ કેળવણી મંડળના ઉપપ્રમુખ કનુભાઈ ગેડીયા સહિતના મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહયા હતા.

## સુરત સ્થિત લીલીયા મોટાનાં 3 વર્ષનાં બાળકની અનેરી સિધ્ધિ






અમરેલી, તા. ૨

પ્રતિભાને ઉંમરનું કોઈ બંધન હોતું નથી, તેનું જીવંત ઉદાહરણ બની રહ્યો છે મૂળ લીલીયા મોટાનો (હાલ સુરત) ત્રણ વર્ષનો વિઆન અમિત વિસાણી. હજુ જે ઉંમરે બાળકો અક્ષરો ઓળખતા શીખતા હોય છે, તે ઉંમરે વિઆન પોતાની અસાધારણ Sharp & Powerful Memoryના કારણે દેશ-વિદેશમાં ચર્ચાનો વિષય બન્યો છે.

વિઆને ફ્લેશકાર્ડમાં દર્શાવાયેલા ચિત્રો જોઈને માત્ર ૩ મિનિટમાં ૧૨૫ દેશોના ધ્વજ ઉપરાંત ૧૫ ફળો, ૧૫ રંગો, ૧૪ શાકભાજી, ૧૫ વાહનો અને ૧૦ વિવિધ આકારો સફળતાપૂર્વક ઓળખી બતાવ્યા હતા.

તેમની આ અનોખી પ્રતિભાની નોંધ લેતાં India Book of Records દ્વારા તેમને "IBR Achiever" તરીકે સન્માનિત કરવામાં આવ્યા છે. ત્યારબાદ International Book of Records દ્વારા પણ "Super Talented Kids Award" એનાયત કરીને તેમની અદભુત યાદશકિતને આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા આપવામાં આવી છે.વિઆનની આ સિદ્ધિ માત્ર તેમના પરિવાર માટે જ નહીં પરંતુ સમગ્ર વિસાણી પરિવાર, સુરત શહેર અને ગુજરાત માટે ગૌરવની બાબત બની છે.હાલમાં વિઆન વધુ એક વિસ્તરીય કીર્તિમાન સ્થાપિત કરવાના લક્ષ્ય સાથેદેશોના પ્રવજોની ઝડપથી ઓળખ કરવાની સતત તૈયારી કરી રહ્યા છે.

## 3 જુલાઈ, પ્લાસ્ટિક બેગ ફ્રી ડે, પ્લાસ્ટિકનો તિરસ્કાર, પર્યાવરણનો પુરસ્કાર, કાપડની થેલીનો જ ઉપયોગ કરીએ



અમરેલી, તા. ૨

પ્લાસ્ટિકની શોધ ઈ.સ ૧૮૬૨માં ઈંગ્લેન્ડનાં એલેકઝાન્ડર પાર્કસે કરી હતી. પ્લાસ્ટિક એ આજની સૌથી વધુ વપરાતી સામગ્રીમાંની એક છે.આજે પ્લાસ્ટિક બેગ તાકીદની જરૂરિયાત બની ગઈ છે. તેના અનુકૂળ સ્વભાવને કારણે રોજિંદા જીવનમાં તેનો ઉપયોગ વધી રહ્યો છે. રોજિંદી પ્રવૃત્તિઓથી સંબંધિત બધી પ્રવૃત્તિઓમાં પ્લાસ્ટિકની ભૂમિકા હોય છે. મોબાઈલ, ટીવી, ફ્રિજ, એસી, ખુરશી, ટેબલ, કમ્પ્યુટર વગેરે જેવી સંખ્યાબદ્ધ વસ્તુઓ છે જે પ્લાસ્ટિકની બનેલી હોય છે, પરંતુ પ્લાસ્ટીક એ નાશ ન થઈ શકે તેવું પ્રદૂષણ છે અને તે જમીન, પાણી અને હવાને પ્રદૂષિત કરે છે એટલે કે સમસ્ત પયાવરણને નુકસાન કરે છે. ગમે ત્યાં ફેકી દીધેલી પ્લાસ્ટીકની થેલીઓ અન્ય ખોરાકની સાથે ખાઈ જવાથી અનેક પશુઓ પણ મોતને ભેટે છે અને આ મૃત પશુઓનાં અવશેષો નાશ પામ્યા બાદ પણ પ્લાસ્ટીક જેમનું તેમ રહે છે. પ્લાસ્ટીકનો નાશ થતાં ૧૦૦૦ વર્ષ લાગે છે. તેને બાળવાથી પણ તે પયાવરણમાં ડાયોકસીન સહિત હાનિકારક વાયુઓ છોડે છે. પયાવરણ માટે ભારોભાર નુકસાનકારક એવા પ્લાસ્ટીકની બેગનો ઉપયોગ દિનપ્રતિદિન વધી રહ્યો છે. જાગૃત નાગરિક તરીકે પયાવરણ અને આરોગ્ય માટે ખુબ જ હાનિકારક એવા પ્લાસ્ટીકની બેગનો ઉપયોગ ટાળીને દરેક વ્યકિત પયાવરણને બચાવે તે હાલનાં ગ્લોબલ વોર્મિંગનાં સમયની માંગ છે. વર્તમાન સમયમાં પ્લાસ્ટિકનો વપરાશ સતત વધતો જાય છે. પ્લાસ્ટિક પ્રદૂષણથી ખોરાક અને પાણી પણ બાકાત રહયા નથી. પ્લાસ્ટિક બેગનો યૂઝ માત્ર એક મીનિટમાં થઈ જાય છે પરંતુ તેને પૃથ્વીમાં સડતા એક હજાર વર્ષ જેટલો સમય લાગે છે. જેમ બને એમ પ્લાસ્ટિક બેગનો ઉપયોગ ટાળીને કાપડની બનેલી થેલીઓનો જ ઉપયોગ કરવો જોઈએ. સરકારે પણ સિંગલ યુઝડ પ્લાસ્ટિકથી બનેલી ૧૯ જેવી પ્રોડેકટસ પર પ્રતિબંધ મુકયો છે. જેમાં પ્લાસ્ટિકની સ્ટીકવાળા ઈયરબડસ, કટલેરી, બલુન માટે પ્લાસ્ટિક સ્ટીક, પ્લાસ્ટિકનાં ઝંડા, પ્લાસ્ટિકની પ્લેટ, કેન્ડી સ્ટીક, કપ, આઈસ્ક્રીમ સ્ટીક, સિગારેટનું પેકેટ, સટ્રો, કાંટા, ટ્રે, ચમચી, રેપ કે પેક કરવાની ફિલ્મ, ચપ્પુ વગેરેનો સમાવેશ થાય છે. હવે જાગૃત થવાનો વારો લોકોને છે.

– મિત્તલ ખેતાણી

(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

### જિલ્લા આરોગ્ય અધિકારીનાં માર્ગદર્શનતળે

# અમરેલીનાં વાંકીયા ગામનાં વાડી વિસ્તારમાં પોલિયો રસીકરણની કામગીરી કરાઈ

### ૭૭ બાળકોને પોલિયોનુ રસીકરણ કરાયુ

અમરેલી, તા. ૨

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર.એમ. જોષી ડો. આર.કે. જાટ તાલુકા હેલ્થ ઓફીસર ડો. એસ.આર. સતાણી વાંકીયા મેડીકલ ઓફીસર ડો. કે.જે. શેલડીયાના માર્ગદર્શન હેઠળ વાંકીયા ગામના કુલ ૭૦ થી ૭૫ કી.મી. વાડી વિસ્તારમાં વાડીએ વાડીએ વિઝીટ કરી કુલ ૫૩ વાડીએ પરપ્રાંતિય મજુરના ૦ થી ૫ વર્ષના બાળકોને પોલીયો પીવડાવવામાં આવેલ કુલ ૭૭ બાળકોને પોલીયો પીવડાવવામાં આવેલ હતો. અને તા. ૨૮/૬/૨૬ રવિવારના રોજ કુલ ૧૧૦ વાંકીયા ગામના બાળકોને પોલીયો પીવડાવવામાં આવેલ હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા આરોગ્ય કર્મચારી એ.ડી. અગ્રાવત, ડી.ડી. માધડ, આશા મનીષાબેન પરમાર, નીતાબેન ભટ્ટી, જયશ્રીબેન પરમાર, કાજલબેન સિધ્ધપરા દ્વારા જહેમત ઉઠાવેલ હતી.

સાથે પોલીયો રવિવાર બુથ-૧નુ ઉદઘાટન જિલ્લા પંચાયત સભ્ય આશીષભાઈ અકબરી, સરપંચ નયનાબેન દાંતેવાડીયા દ્વારા કરવામાં આવેલ હતું. તથા બુથ-૨નું ઉદઘાટન તાલુકા પંચાયત સભ્ય નાગજીભાઈ મકવાણા દ્વારા કરવામાં આવેલ હતું. અને આ રાષ્ટ્રીય કાર્યક્રમ ખુબ જ સફળ રહેલ હતો. સુપ. જી.ડી. ભગતનુ પણ માર્ગદર્શન મળેલ હતું.

## રાજુલા ખાતે મહિલા કોલેજમાં ઓરિએન્ટશનનો કાર્યક્રમ યોજાયો



રાજુલા, તા. ૨

રાજુલા એજયુકેશનલ ટ્રસ્ટ સંચાલિત અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન એચ.બી. સંઘવી મહિલા આટર્સ તથા કોમર્સ કોલેજ, રાજુલા ખાતે આજરોજ ઓરિએન્ટેશનનો કાર્યક્રમ યોજાયો. જેમાં રાજુલા ટાઉન પોલીસ વિભાગના ડી.વાય.એસ.પી નયનાબેન ગોરડીયા તથા એસ.બી. આઈ રાજુલા બ્રાન્ચ મેનેજર પબીત્ર મોહન જેના તથા કોલેજ સેક્રેટરી બાલકૃષ્ણ ભાઈ ત્રિવેદી, તથા કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ તથા કેમ્પસ ડાયરેકટર ડો. જીગ્નેશભાઈ વાજાની વિશેષ ઉપસ્થિતિ રહેલ. જાણીતા પત્રકાર યોગેશભાઈ કાનાબારની ઉપસ્થિતિ ઉલ્લેખનીય રહી. કાર્યક્રમની શરૂઆત મહેમાનોના વરદહસ્તે દીપ પ્રાગટયથી થયેલ. ત્યારબાદ મહેમાનોનું સૂતરની આંટીથી સ્વાગત સન્માન તથા પ્રાર્થના ગાન થયેલ. ત્યારબાદ ડી.વાય.એસ.પી મહોદયા દ્વારા બહેનોને કારકિર્દીલક્ષી અનુભવના કેટલાક ઉદાહરણો રજૂ કરેલ. જે અત્યંત પ્રેરક રહ્યા. દ્રઢ સંકલ્પ બળ અને તે દિશામાં સતત પ્રયાસ હોવા જોઈએ તો મન ઈચ્છિત નોકરી મળી શકે. ત્યારબાદ મહિલાઓ માટે સુરક્ષાનું કવચ વિશે જણાવેલ. કેટલાક સલામતીના પગલાં વિશે પણ બહેનોને આ તકે માહિતગાર કરેલ અને બહેનોએ આ દિશામાં સતત સાવચેત રહેવાની જરૂરિયાત જણાવેલ. આ ઉપરાંત એસ.બી.આઈ. રાજુલા બ્રાન્ચ મેનેજર જેના પણ બેંક દ્વારા અપાતી કેટલી બધી સુવિધાઓની વાત કરી આ સાથે સાયબરથી અજાણ બહેનોને ઈન્ટરનેટનો ઉપયોગ કઈ સાવચેતીથી કરવો અને ખાતાની સલામતી માટે કેટલાક નિશ્ચિત પગલાંઓ લેવા માટેની ભલામણ કરી. આ ઉપરાંત કોલેજના બહેનોને બેંક ક્ષેત્રમાં કારકિર્દી માટે ઘણી બધી તકો છે તે વિશે જાણકારી આપી અને બેંકની પરીક્ષાઓ કઈ રીતે તૈયારી કરી આપવી અને બેંક કર્મચારી તરીકે નિમણૂક પામવી અને પોતાની નિષ્ઠાથી કામગીરી કરી રાષ્ટ્રની સેવા કરવી એક ગૌરવ છે. તેમ જણાવેલ. આ તકે બહેનોને કારકિર્દી અંતર્ગત સારૂં એવું માર્ગદર્શન પ્રાપ્ત થયું અને ઘણા વિષયનું તલસ્પર્શી જ્ઞાન પણ મેળવ્યું. આ તકે કાર્યક્રમનું સમાપન ડો. લાલજીભાઈ સોલંકીએ કરેલ. સમગ્ર કાર્યક્રમની જહેમત એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસર પ્રા. જાગૃતીબેન તેરૈયા અને એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ભગવતીબેન વડીયા અને ટીમના સ્વયં સેવિકા બહેનો તથા સમગ્ર પ્રાધ્યાપક ટીમ દ્વારા સુચારૂ રૂપે ઉઠાવી અને કાર્યક્રમને સફળ બનાવવામાં આવેલ. કોલેજની બહેનોને ઘણી બધી ઉપયોગી માહિતી આ કાર્યક્રમ અંતર્ગત મળેલ. કોલેજ દ્વારા અવારનવાર કારકિર્દી માર્ગદર્શનના કાર્યક્રમોથી વિદ્યાર્થીની બહેનોને રોજગાર લક્ષી માહિતી અને સ્પર્ધાત્મક પરીક્ષા અંગેની માહિતી પૂરી પાડવામાં આવે છે. જેનો હેતુ બહેનોને સ્વાવલંબન તરફની એક દિશા પ્રાપ્ત થાય અને તેઓ તેમનું સુંદર ભવિષ્ય નિર્માણ કરી શકે તેવો રહેલ છે.

## સા.કુંડલા : મહિલા કોલેજમાં મનોવૈજ્ઞાનિક વ્યાખ્યાન યોજાયું



સાવરકુંડલા, તા.૨

શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન શ્રીમતી વી.ડી.ઘેલાણી મહિલા આર્ટસ કોલેજ, સાવરકુંડલા ખાતે તા.૦૨/૦૭/૨૦૨૬ના રોજ એક વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જાણીતા મનોવૈજ્ઞાનિક અને નિષ્ણાત કાઉન્સિલર ડો.રશ્મિબા જાડેજા ચૌહાણે ઉપસ્થિત રહીને વિદ્યાર્થિનીઓને માર્ગદર્શન આપ્યું હતું.

ડો.રશ્મિબાએ બહેનોને 'સ્વ'ની ઓળખ, હતાશા નિવારણના ઉપાયો, મગજની શક્તિ – ઊર્જા, હકારાત્મક અભિગમ, સ્માર્ટ ગોલ સેટિંગ અને ગુસ્સા પર નિયંત્રણ જેવા મહત્વના વિષયો પર સુંદર અને પ્રેરણાદાયી વ્યાખ્યાન આપ્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના કાર્યકારી આચાર્ય ડી. એલ. ચાવડાએ મહેમાનોનું ભાવભર્યું સ્વાગત અને અભિવાદન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન તથા સંકલન ડો.પ્રતિમા શુકલ દ્વારા કરવામાં આવ્યું હતું.અંતમાં ડો. કે.પી.વાળાએ આભાર દર્શન કર્યુ હતું. કોલેજના સ્ટાફ મિત્રોના સહયોગથી આ આખો કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો હતો.

## બાઢડા ખાતે સાયબર અવેરનેસ અને મિશનસ્માઈલ સેમિનાર યોજાયો



સાવરકુંડલા, તા.૨

બાઢડા ખાતે ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે સાયબર ક્રાઈમ અવેરનેસ અને 'મિશન સ્માઈલ' અંતર્ગત માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર પી.એલ.ચૌધરી તથા તેમની ટીમ દ્વારા વિદ્યાર્થીઓને આજના ડિજિટલ યુગમાં સાયબર સુરક્ષા અંગે અત્યંત ઉપયોગી માહિતી પૂરી પાડવામાં આવી હતી.

પ્રાર્થનાથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય ડો.મધુર પી.બગડાએ પોલીસની સેવાની સરાહના કરી સ્વાગત પ્રવચન આપ્યું હતું. સેમિનારમાં ૧૧૨ જનરક્ષક ટીમના ઈન્ચાર્જ મિહિરભાઈ ચુડાસમાએ સાયબર ક્રાઈમ વિશે અને મહિલા પોલીસ ઈન્સ્પેકટર રૂકશાનાબેન કુરેશીએ બાળકોને 'ગુડ ટચ, બેડ ટચ' વિશે વિગતવાર સમજ આપી હતી. કાર્યક્રમનું સંચાલન હેતલબેન રાવળે અને આભાર વિધિ મદદનીશ શિક્ષક ડી.એન.બોઘરાએ કરી હતી.

## વડિયા : સાયબર સુરક્ષા સેતુ અને બાળ સુરક્ષા અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



વડિયા, તા.૨

વડીયા ખાતે આવેલી શ્રી મોંઘીબા પે. સેન્ટર શાળામાં વિદ્યાર્થીઓમાં સુરક્ષા અંગે જાગૃતિ લાવવાના હેતુથી વિશેષ માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં વડિયા પોલીસ વિભાગના પી. આઈ., પી.ડી.ગોહિલ દ્વારા વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમથી બચવાના ઉપાયો, ગુડ ટચ – બેડ ટચની સમજ તેમજ મોબાઈલનો સુરક્ષિત અને જવાબદારીપૂર્વક ઉપયોગ વિશે સરળ અને રસપ્રદ રીતે માહિતી આપી હતી. વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યું કે પોલીસ સમાજની મિત્ર છે અને કોઈપણ પરિસ્થિતિમાં પોલીસથી ડરવાની જરૂર નથી. જો કોઈ વ્યક્તિ દ્વારા હેરાનગતિ થાય, ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બનવું પડે અથવા અન્ય કોઈ મુશ્કેલી સર્જાય, તો વિદ્યાર્થીઓએ નિ : સંકોચ પોતાના વાલી, શિક્ષક અથવા પોલીસને જાણ કરવી જોઈએ.

કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને માર્ગદર્શનનો લાભ મેળવ્યો. આવા કાર્યક્રમો બાળકોમાં જાગૃતિ, આત્મવિશ્વાસ અને સુરક્ષા પ્રત્યેની સમજ વિકસાવવામાં મહત્વપૂર્ણ સાબિત થાય છે.

## અમરેલી : હનુમાનપરા મેઈન રોડ પરથી પસાર થતા વાહનચાલકોએ વૈકલ્પિક રસ્તા પરથી પસાર થવુ

અમરેલી, તા. ૨

અમરેલી શહેરના હનુમાનપરા મેઈન રોડ પર મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના (આઉટ ગ્રોથ) અંતર્ગત રસ્તાની કામગીરી શરૂ થવાની છે. આ કામગીરીના અનુસંધાને વેપાર-ઉદ્યોગ-સંસ્થાઓ સાથે જોડાયેલા શહેરીજનોએ આ કામગીરી શરૂ રહે તે દરમિયાન હનુમાનપરાને જોડતાં અન્ય રસ્તા પરથી વાહનવ્યવહાર પસાર કરવાનો રહેશે. ટ્રાફિકની સમસ્યાને નિવારવા માટે આ કામગીરીમાં સહયોગ આપવા માટે ચીફ ઓફિસર, નગરપાલિકા અમરેલી, પ્રમુખ નગરપાલિકા અમરેલીએ સંયુકત યાદીમાં જણાવ્યું છે.

હવે... બદલાશે સારવારની પરીભાષા
કિડની તથા પેશાબ સંબંધિત
રોગોનાં નિષ્ણાંત ડોક્ટર દ્વારા ખાસ ઓપીડી
આપણા શહેર અમરેલીમાં
તારીખ : 03/07/2026
નિયમિત દર મહિનાના પહેલા શુક્રવારે ઓપીડી
વધુ માહિતી માટે 98257 47203
સમય : સવારે ૧૧:30 થી બપોરે ૧૨:30 વાગ્યા સુધી
ડો. રોનક ભાલોડિયા
MBBS, MD (Medicine)
DrNB (Nephrology)
કન્સલટન્ટ, નેફ્રોલોજી
NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust-Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.
નામ લખવા માટે સંપર્ક કરો : 99789 66629 ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૬

## લાંબી રાહ જોવરાવ્યા બાદ વરસાદનાં આગમનથી ખૂશીનો માહોલ

# અંતે બાબરા પંથકમાં મેઘરાજાની ધમાકેદાર પધરામણી

**સતત એક કલાકથી વધુ સમય સુધી સતત વરસાદ પડતાં ૧ થી ૨ ઈંચ જેટલું પાણી પડી ગયું**

**ખેડૂતોમાં ઉભી થયેલ ચિંતામાં વરસાદને લઈને ઘટાડો જોવા મળ્યો**

**શહેરનાં પોસ્ટ ઓફિસ, નાના બસ સ્ટેન્ડ, પોલીસ લાઈન સહિતનાં વિસ્તારમાં પાણી ભરાયા**

**ચમારડી, ઘરાઈ, વાવડી, ઘુઘરાળા, ઉંટવડ સહિતનાં ગ્રામ્ય વિસ્તારમાં પણ વરસાદનાં વાવડ**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૨

લાંબી રાહ બાદ આખરે બાબરા પંથકમાં મેઘરાજાએ શાનદાર એન્ટ્રી કરતાં શહેર સહિત સમગ્ર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. એક કલાકથી વધુ સમય સુધી સતત વરસેલા વરસાદને કારણે અંદાજે એકથી બે ઈંચ જેટલું પાણી નોંધાતા ધરતીપુત્રોમાં ખુશીની લહેર ફરી વળી હતી.

ખેડૂતોએ અગાઉ વાવણી પૂર્ણ કરી દીધી હતી, પરંતુ પૂરતા વરસાદના અભાવે પાકના ભવિષ્ય અંગે ચિંતા વ્યકત કરી રહ્યા હતા. અમુક વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદ પડયો હતો, છતાં સમગ્ર તાલુકામાં સાર્વત્રિક વરસાદની રાહ જોવાઈ રહી હતી. આજે મેઘરાજાએ મન મૂકીને મહેર વરસાવતા ખેડૂતોની ચિંતા દૂર થઈ ગઈ છે અને ખેતરોમાં નવા પ્રાણ ફૂંકાયા છે.

શહેરમાં ધોધમાર વરસાદને કારણે પોસ્ટ ઓફિસ,

**અનુસંધાન પાના ૬ ઉપર**

## મન મુકીને મેઘરાજાએ હેત વરસાવ્યુ

# અરે વાહ : કોટડાપીઠા વિસ્તારમાં ૧ કલાકમાં ૨ ઇંચ વરસાદ પડી ગયો

**અમુક વિસ્તારમાં વાવણીલાયક વરસાદ પડયો**



તસ્વીર : ભરત મહેતા-કોટડાપીઠા

કોટડાપીઠા, તા. ૨

બાબરા તાલુકાનાં કોટડાપીઠા ગામે આજે બપોરનાં ત્રણથી ચાર વાગ્યા સુધી ફકત એક કલાકમાં બે ઈંચ વરસાદ પડેલ છે. આ વરસાદથી ગામની મેઈન બજારમાં નદી-નાળામાં પુર આવેલ, આ વરસાદ ખાનપર સીમ, વાવડી સીમ તેમજ રાયપર સીમમાં વાવણીલાયક વરસાદ પડેલ છે. તેમજ ચેકડેમ છલકાઈ ગયા તેમજ ખેતીલાયક જમીન પાણીથી તરબોળ થઈ ગયેલ જયારે કોટડાપીઠાની જ ભાલવી સીમ તેમજ હડીયા સીમ તરીકે ઓળખાતી સીમમાં હજુ સુધી વાવણી લાયક વરસાદ પડેલ નથી, તેમજ કરણુકી, ગરણી, ઉંટવડ વગેરે ગામોમાં હજુ સુધી વાવણી લાયક વરસાદ પડેલ નથી.

## ચાતક નજરે રાહ જોતા ખેડૂતોમાં ખુશીનો માહોલ

# વડિયા : ધોધમાર વરસાદથી શેરીઓમાં પાણીની નદીઓ વહેતી જોવા મળી

**વાવણીલાયક વરસાદથી ખેડૂતોમાં ખુશીનો માહોલ**



વડિયા, તા. ૨

સમગ્ર રાજયમાં જૂન મહિનો કોરો ગયા બાદ જુલાઈની શરૂઆતથી મેઘરાજાએ હેત વરસાવવાનુ ચાલુ કર્યુ હોય તેમ અમરેલી જિલ્લાના છેવાડાના વિસ્તાર એવા વડિયા વિસ્તારમાં પણ સતત બે દિવસથી બપોરબાદ હેતા વરસાવતા જોવા મળ્યા છે. વડિયામાં તારીખ ૧ના રોજ બપોર બાદ ૩૦ મીમી જેટલો વરસાદ નોંધાતા ખેડૂતો નિરાશ થતા જોવા મળ્યા હતા જયારે ૨ તારીખે બીજા દિવસે બપોરના ૨:૩૦ થી ધોધમાર વરસાદ વરસતા રસ્તાઓ પણ પાણી પાણી થતા જોવા મળ્યા હતા અને વાવણી લાયક ધોધમાર વરસાદથી ખેડૂતોમાં ખુશી વ્યાપી હતી તો ભારે ઉકળાટ બાદ વરસેલા વરસાદથી વાતાવરણમાં ઠંડક વ્યાપતી જોવા મળી હતી. સમગ્ર દિવસમાં વડિયા ડેમ સાઈટ પર કુલ ૬૧ મીમી વરસાદ નોંધાયો હતો. ૨જી તરીકે પડેલા વરસાદ વાવણી લાયક હોવાથી ખેડૂતોમાં લાપસીના આંધણ મુકાતા હોય તેમ ખુશીનો માહોલ સર્જાયો હતો. તો જે ખેડૂતોએ આગતારૂં વાવેતર કરેલ હતુ તેના મુરજાતા પાકને પણ જીવાતદાન મળ્યુ હતુ.

# બાબરા પોલીસે ૮ મહિનાથી નાસતા ફરતા આરોપીની અટકાયત કરી

અમરેલી, તા. ૨

બાબરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર આર.આર. પરમારના સીધા માર્ગદર્શન હેઠળ બાબરા પોલીસ ટીમ દ્વારા બાબરા પોલીસ સ્ટેશન પ્રોહી. કલમ ૬૫(એ), ૬૫(ઈ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨૨) મુજબના ગુન્હામાં છેલ્લા આઠેક મહિનાથી નાસતો ફરતો આરોપી કુલદીપભાઈ ભાભલુભાઈ ખાચર (રહે. મોટા સયડા, તા.જી. બોટાદ) ને બાબરા પોલીસ ટીમ દ્વારા ટેકિનકલ વર્કઆઉટ તથા હ્યુમન સોર્સ દ્વારા ચોક્કસ હકિકત



મેળવી આરોપીને ટ્રેક કરી હ્યુમન તથા ટેકનિકલ સોર્સના આધારે પકડી પાડી તેમના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

# મતિરાળા ગામે બીએસએનએલનું નેટવર્ક બંધ થતાં ગ્રાહકો પરેશાન

લાઠી, તા. ૨

લાઠીનાં મતિરાળા ગામે છેલ્લા ૧૫-૨૦ દિવસથી બીએસએનએલ નેટવર્ક બંધ હોવાને લઈ મોબાઈલ વાપરનારા ગ્રાહકોના ડબલા ફોન થતાં ગ્રાહકો અન્ય કંપનીમાં જતાં રહે છે. ગ્રાહકોને યોગ્ય સેવા મળે તે માટે નેટવર્ક શરૂ થાય તો બીએસએનએલના ગ્રાહકોને સંતોષ મળે અને તે વાપરવામાં ગ્રાહકને નાના બજેટમાં મોબાઈલ સેવા મળી તેવી માંગ છે.

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૯૨

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

## દુકાને માલ-સામાન બાબતે રકઝક થતા

# રાજુલાનાં વેપારી ઉપર ૪ ઈસમોએ લોખંડનાં પાઈપ અને લાકડી વડે હુમલો કરતા ચકચાર

**વેપારીએ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા. ૨

રાજુલા ગામે વોરાવાડ, વોરા મસ્જીદની બાજુમાં રહેતા કેઝારભાઈ ફખરૂદિનભાઈ હથીયારી નામના ૬૦ વર્ષિય વૃધ્ધ વેપારીની રાજુલા ગામે મેઈન બજારમાં ફખરી હાર્ડવેર નામની દુકાન આવેલ છે. ત્યા તા. ૩૦ના સાંજના સવા સાતેક વાગ્યાની આસપાસ રાજુલા ગામે રહેતા આરોપી રિઝવાન ડેસર વૃધ્ધની દુકાને માલ સામાન લેવા માટે ગયેલ હતા. અને વસ્તુઓના ભાવ તાલ બાબતે વેપારી સાથે આરોપીએ બોલાચાલી કરી અને વેપારીને જેમ ફાવે તેમ ગાળો આપી જતો રહેલ હતો.



બાદમાં આરોપી રિઝવાનભાઈ ડેસર, તહેસીન રિઝવાનભાઈ ડેસર, રોનકભાઈ ગીરીશભાઈ શાહ અને મન નિલેષભાઈ નામના ચારેય આરોપીઓએ મળી ગુન્હાહીત કાવતરૂ રચી વેપારીને આરોપી મન કંસારાએ ફોન કરી દુકાનેથી સામાન લેવાનો છે. તેમ કહી વેપારીની દુકાને બોલાવી અને સામાન નહી લેતા વેપારી પોતાની ઈલેકટ્રીક મોટર સાઈકલ લઈને પોતાના ઘરે જતા રહેલ હોય તે વખતે આરોપીઓ મોટર સાઈકલ લઈને પાછળ આવી વેપારીને ઉભા રાખી અવરોધ કરેલ હતો.

તે અરસામાં બીજા આરોપી પોતાના હવાલાવાળી સફેદ કલરની ફોરવ્હિલ લઈ આવી વેપારીને આરોપીએ લોખંડના પાઈપ વડે તથા લાકડી વડે વેપારીને આડેધડ ઘા મારી જમણા હાથે અલગ અલગ જગ્યાએ બે ફ્રેકચર કરી દઈ તથા લાકડી વડે વેપારીની ઈલેકટ્રીક મોટર સાઈકલમાં નુકશાન કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Namkeen Sales HOD - 1
• Liaisonig Officer - 2
• Sales & Marketing Officer - 3 (Ice Cream / Milk / Namkeen)
• Cashier - 1
• Sales Co - Ordinator - 2
• Business Development Manager - 1
• Franchise Development Manager - 1
• Junior Accountant - 2
• Billing Operator - 1
Location : Amreli, Gujarat.
hrscpl1987@gmail.com
+91 95109 59957 (Jitendra Chavda)
APPLY NOW

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)